“ બુધવારની સાપ્તાહિક પૂર્તિ ”

ઉત્સવ

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 14 । AD - 2026, Aso Sud-04 । Wednesday, Dt. 14-10-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

બ્લૂમબર્ગ ન્યૂ ઇકોનોમી ફોરમમાં વડાપ્રધાનનું નિવેદન

વેપાર, ઉર્જાનો ઉપયોગ દબાણ લાવવાનાં સાધનો તરીકે થઈ રહ્યો છે : મોદી

નવી દિલ્હી, તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે જણાવ્યું હતું કે ૨૧મી સદીમાં ડેટા, જ્ઞાન અને નવીનતા શક્તિના નવા સ્ત્રોત બન્યાં છે. જોકે, મહત્ત્વનો પ્રશ્ન એ નથી કે શક્તિ કોની પાસે છે, પરંતુ તેનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે છે તે છે. બ્લૂમબર્ગ ન્યૂ ઈકોનોમી ફોરમમાં મોકલેલા સંદેશમાં તેમણે જણાવ્યું હતું કે ટેકનોલોજી માત્ર થોડા લોકોની પ્રગતિનું સાધન બનવી જોઈએ કે ૫ છી લાખો લોકો માટે નવી તકો ઊભી કરવી જોઈએ, તે અંગે વિચારવાની જરૂર છે. આ ફોરમનું ભારતમાં પ્રથમ વખત આયોજન થઈ રહ્યું છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે બીજાઓને સશક્ત બનાવવાની ભાવના માત્ર ઉપદેશ પૂરતી મર્યાદિત નથી, પરંતુ ભારતની હજારો વર્ષ જૂની પરંપરામાંથી મળેલો સંદેશ છે. ભારતમાં શાસન અને કાર્ય સંસ્કૃતિમાં પણ આ વિચારને અમલમાં મૂકવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે જ્ઞાન, સંપત્તિ અને શક્તિ ધરાવતી વ્યક્તિનું મૂલ્યાંકન તેનો ઉપયોગ કેવી રીતે કરે છે તેના આધારે થવું જોઈએ. સંસ્કૃતના શ્લોકનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે જ્ઞાનનો ઉપયોગ વિવાદ માટે, સંપત્તિનો ઉપયોગ અહંકાર માટે અને શક્તિનો ઉપયોગ બીજાને હેરાન કરવા માટે ન થવો જોઈએ. તેના બદલે જ્ઞાનનો ઉપયોગ સમજણ વધારવા, સંપત્તિનો ઉપયોગ દાન માટે અને શક્તિનો ઉપયોગ બીજાનું રક્ષણ કરવા માટે થવો જોઈએ. વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્ઞાન થોડા લોકોની શક્તિ બનીને ન રહે, પરંતુ દરેક વ્યક્તિની ક્ષમતામાં વધારો કરે તે જરૂરી છે. બીજાને નિયંત્રિત



કરવાને બદલે સક્ષમ બનાવવા, સ્પર્ધા કરતાં સહયોગને પ્રાધાન્ય આપવા અને પોતાની સફળતા સાથે બીજાને પણ આગળ વધવામાં મદદ કરવી એ જ સાચા સશક્તિકરણની ભાવના છે. ભારતની લોકશાહી અને ડિજિટલ ક્ષમતાઓનો ઉલ્લેખ કરતાં મોદીએ જણાવ્યું હતું કે દેશમાં ૧૦૦થી વધુ ભાષાઓ, આશરે ૮૦ હજાર નોંધાયેલા અખબારો અને પ્રકાશનો તથા એક હજારથી વધુ સેટેલાઇટ ટેલિવિઝન ચેનલો છે. સોશિયલ મીડિયાના યુગમાં ભારતમાં ૫૦ કરોડથી વધુ યુટ્યુબ અને ૫૦ કરોડથી વધુ ઇન્સ્ટાગ્રામ વપરાશકર્તાઓ છે. દેશમાં વિવિધ મુદ્દાઓ પર ખુલ્લી ચર્ચા થાય છે, જેમાં ડિજિટલ ટેકનોલોજીની મહત્ત્વની ભૂમિકા છે. તેમણે વિદેશી મહેમાનોને ભારતની ડિજિટલ ચુકવણી વ્યવસ્થાનો અનુભવ કરવા આમંત્રણ આપ્યું હતું. વડાપ્રધાને જણાવ્યું હતું કે શેરીમાં વેપાર કરતા ફેરિયાથી લઈને કારના શોરૂમના માલિક સુધીના લોકો ડિજિટલ ચુકવણી માટે એક જ પ્લેટફોર્મનો ઉપયોગ કરી શકે છે. આ સમાવેશી ટેકનોલોજીનું ઉદાહરણ છે. મોદીએ વધુમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪ પહેલાં ભારતમાં માત્ર થોડાં સો સ્ટાર્ટઅપ્સ હતાં, જ્યારે હવે તેમની સંખ્યા વધીને ૨.૫ લાખથી વધુ થઈ છે. આશરે અડધાં સ્ટાર્ટઅપ્સ નાના શહેરોમાંથી આવે છે અને ૪૫ ટકા સ્ટાર્ટઅપ્સમાં ઓછામાં ઓછા એક મહિલા ડિરેક્ટર અથવા ભાગીદાર છે. આ દર્શાવે છે કે નવીનતાની તકો વધુ લોકો સુધી પહોંચી રહી છે. વૈશ્વિક પરિસ્થિતિ અંગે તેમણે કહ્યું કે રોગચાળા અને વિવિધ દેશોમાં યુધ્ધો બાદ વેપાર, આવશ્યક ખનિજો તથા ઊર્જાના પુરવઠામાં વિક્ષેપો સર્જાયા છે. એક સમયે વિશ્વને જોડતાં સપ્લાય ચેઇન, ઊર્જા, ખનિજો, ચુકવણી વ્યવસ્થા અને ટેકનોલોજીનો ઉપયોગ હવે દબાણ લાવવા તથા પ્રભુત્વ સ્થાપિત કરવાનાં સાધનો તરીકે થઈ રહ્યો છે.

૩.૨,૦૦૦થી વધુના UPI ટ્રાન્ઝેક્શન પર MDR ચાર્જનો અમલ દિવાળી સુધી મુલતવી

નવી દિલ્હી,તા.૧૩

કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૨,૦૦૦થી વધુના યુપીઆઈ (UPI) ટ્રાન્ઝેક્શન પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) ચાર્જ લાગુ કરવાના નિર્ણયમાં છેલ્લી ઘડીએ ફેરફાર કરવામાં આવ્યો હોવાના અહેવાલ છે. આ ચાર્જ ૧૫ ઓક્ટોબરથી લાગુ થવાનો હતો, પરંતુ હવે પસંદગીના યુપીઆઈ ટ્રાન્ઝેક્શન માટે તેનો અમલ દિવાળી પછી સુધી મુલતવી રાખવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. તહેવારોની મોસમ શરૂ થવા પહેલાં લેવાયેલા આ નિર્ણયને ડિજિટલ પેમેન્ટ ક્ષેત્ર



માટે મહત્ત્વપૂર્ણ ફેરફાર તરીકે જોવામાં આવી રહ્યો છે. અગાઉના આયોજન મુજબ, રૂ. ૨,૦૦૦થી વધુની રકમના યુપીઆઈ પેમેન્ટ પર ૦.૪૦ ટકા એમડીઆર ચાર્જ લાગુ થવાનો હતો. આ નિયમનો અમલ ૧૫ ઓક્ટોબરથી થવાનો હોવાથી વેપારીઓમાં તેના સંભવિત આર્થિક બોજ અંગે ચર્ચા થઈ શકે તેવી સ્થિતિ હતી. ખાસ કરીને છૂટક વેપારીઓ, દુકાનદારો અને ડિજિટલ પેમેન્ટનો વધુ ઉપયોગ કરતા વ્યવસાયોને આ નિર્ણયની અસર થવાની શક્યતા હતી. જોકે, અમલની તારીખ નજીક આવતાં પસંદગીના ટ્રાન્ઝેક્શન માટે ચાર્જ લાગુ કરવાની પ્રક્રિયા પાછળ ઠેલવામાં આવી હોવાની માહિતી સામે આવી છે. આ ફેરફારથી સંબંધિત વેપારીઓને તહેવારો દરમિયાન હાલ પૂરતી રાહત મળી શકે છે. દિવાળી દરમિયાન ખરીદી અને ડિજિટલ પેમેન્ટના વ્યવહારોમાં વધારો થતો હોવાથી ચાર્જના અમલ અંગેનો નિર્ણય વેપારીઓ માટે મહત્ત્વનો બની શકે છે. જોકે, આ મુલતવી માત્ર કયા પ્રકારના યુપીઆઈ ટ્રાન્ઝેક્શનને લાગુ પડશે, નવી તારીખ કઈ હશે અને અંતિમ નિયમો શું રહેશે તે અંગે સત્તાવાર સ્પષ્ટતા જરૂરી છે.

ઉત્તરપ્રદેશના ૧૫ જિલ્લાઓમાં વરસાદનું એલર્ટ, રાજસ્થાનમાં ભારે વરસાદની આગાહી

નવી દિલ્હી, તા.૧૩

દેશના વિવિધ રાજ્યોમાં હવામાનમાં પલટો જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે પશ્ચિમ ઉત્તર પ્રદેશના ૧૫ જિલ્લાઓમાં વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. કેટલાક વિસ્તારોમાં કરા પડવાની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી છે. લખનઉમાં સતત ૧૫મા દિવસે પણ પૂર જેવી સ્થિતિ યથાવત છે અને અનેક કોલોનીઓમાં ત્રણ ફૂટ સુધી પાણી ભરાયેલું છે.



બીજી તરફ રાજસ્થાનના ૧૬ જિલ્લાઓમાં ભારે વરસાદ અને વાવાઝોડાને લઈને યલો એલર્ટ જાહેર કરાયું છે.

હિમાચલ પ્રદેશમાં આવતીકાલથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ફરી સક્રિય થવાની શક્યતા છે, જેના કારણે આગામી ચાર દિવસ વરસાદ પડી શકે છે. લાહૌલ-સ્પીતિ, કિન્નૌર અને ચંબાના ઊંચા શિખરો પર હિમવર્ષાની પણ સંભાવના છે. ઉત્તરાખંડના પિથોરાગઢમાં આવેલા છિપલાકોટના ઊંચા શિખરો ઓક્ટોબર મહિનામાં જ બરફથી ઢંકાઈ ગયા છે. લગભગ એક દાયકા બાદ અહીં ઓક્ટોબરમાં હિમવર્ષા થઈ રહી છે, જ્યારે સામાન્ય રીતે ડિસેમ્બર-જાન્યુઆરીમાં બરફ પડે છે.

લખનઉમાં સતત ૧૫મા દિવસે જળભરાવની સ્થિતિ, હિમાચલ અને ઉત્તરાખંડના ઊંચા પહાડી વિસ્તારોમાં હિમવર્ષા

દિલ્હીમાં જંતર-મંતર પર પ્રદર્શન કરવા પહોંચેલા

કોકરોચ જનતા પાર્ટીના બે નેતાઓની પોલીસે કરી અટકાયત

નવી દિલ્હી,તા.૧૩

નવી દિલ્હીના જંતર-મંતર ખાતે પ્રદર્શન કરવા પહોંચેલા કોકરોચ જનતા પાર્ટીના નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકાની દિલ્હી પોલીસે અટકાયત કરી હોવાની માહિતી સામે આવી છે. બંને નેતાઓ પોતાના કેટલાક સાથીઓ સાથે વિરોધ પ્રદર્શન કરવા માટે જંતર-મંતર પહોંચ્યા હતા. જોકે, ત્યાં પ્રદર્શન કરવાની



મંજૂરી ન હોવાથી પોલીસે કાર્યવાહી કરી હોવાનું જાણવા મળ્યું છે. કેન્દ્ર સરકારે સોમવારે જંતર-મંતરને નિર્ધારિત પ્રદર્શન સ્થળોની યાદીમાંથી દૂર કર્યું હતું. આ નિર્ણય બાદ હવે જંતર-મંતર ખાતે પ્રદર્શન યોજી શકાશે નહીં. ગૃહ મંત્રાલય દ્વારા રચવામાં આવેલી સમિતિની ભલામણોના આધારે દિલ્હીમાં પ્રદર્શન માટે રામલીલા મેદાન, બુરાડી ગ્રાઉન્ડ અને પૂર્વી દિલ્હીના સીબીડિ ગ્રાઉન્ડને સ્થળ તરીકે નક્કી કરવામાં આવ્યાં છે.

જોકે, રામલીલા મેદાન આ વર્ષે માત્ર ૨૯થી ૩૧ ડિસેમ્બર દરમિયાન જ ખાલી હોવાની માહિતી છે. તેના કારણે પ્રદર્શન માટે યોગ્ય સ્થળ અને સમય મેળવવામાં મુશ્કેલી ઊભી થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, આ અગાઉ ૧૦ ઓક્ટોબરના રોજ પાર્ટી દ્વારા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. તે સમયે પણ કોકરોચ જનતા પાર્ટીના નેતાઓની ફ્લાઈટમાંથી જ અટકાયત કરવામાં આવી હતી. તાજેતરની કાર્યવાહી બાદ પક્ષના પ્રદર્શન અને પોલીસની કામગીરીને લઈને ચર્ચા શરૂ થઈ છે.

અમૃતસર એરપોર્ટ પાસે શંકાસ્પદ ડ્રોન દેખાતાં એરસ્પેસ બંધ, ત્રણ ફ્લાઈટ ડાયવર્ટ

નવી દિલ્હી,તા.૧૩

પંજાબના અમૃતસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ નજીક રવિવારે રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ શંકાસ્પદ ડ્રોન જોવા મળતાં તંત્રમાં દોડધામ મચી હતી. સુરક્ષાને ધ્યાનમાં રાખીને રનવે અને એરસ્પેસ થોડા સમય માટે બંધ કરાયા હતા. આ દરમિયાન ત્રણ ફ્લાઈટને દિલ્હી અને ચંડીગઢ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. એર ઈન્ડિયાની ફ્લાઈટને દિલ્હી પરત મોકલાઈ હતી, જ્યારે મુંબઈથી આવતી ઈન્ડિગોની ફ્લાઈટને ચંડીગઢ અને કુઆલાલંપુરથી આવતી મલેશિયન ફ્લાઈટને દિલ્હી મોકલવામાં આવી હતી. આમ, મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.





રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરિયા અને સાંસદ ભરતભાઈ સુતરીયાની ઉપસ્થિતિમાં

અમરેલી મોટા બસ સ્ટેન્ડ ચોક વેપારી એસોસિએશનનું સ્નેહમિલન યોજાયું

અમરેલી,તા.૧૩

અમરેલી ખાતે મોટા બસ સ્ટેન્ડ ચોક વેપારી એસોસિએશન દ્વારા તા. ૧૦-૧૦-૨૦૨૬, શનિવારના રોજ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરિયા તથા લોકપ્રિય સાંસદ ભરતભાઈ સુતરીયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા વેપાર મંડળના ચતુરભાઈ અકબરી, હરેશભાઈ સાદરાણી, યોગેશભાઈ ભટ્ટ, બાબુભાઈ કાબરીયા, ઔદ્યોગિક વસાહત મંડળના કનુભાઈ ગોજારીયા, અશોકભાઈ જાવીયા તથા નગરપાલિકાના સભ્યો નીખિલભાઈ આશર, હરપાલભાઈ ધાધલ, નિરાલીબેન જાની અને રીનાબેન બાબરીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.મોટા બસ સ્ટેન્ડ ચોક વેપારી એસોસિએશનના પ્રમુખ દિનેશભાઈ ભુવાએ સ્વાગત પ્રવચન કરીને તમામ મહેમાનોને આવકાર્યા હતા. મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ વેપારીઓને સંબોધતા





જણાવ્યું હતું કે, જિલ્લામાં નવી બનનારી ઔદ્યોગિક વસાહતમાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. નવા ઉદ્યોગોની સ્થાપના દ્વારા રોજગારીની નવી તકો ઉભી કરવામાં આવશે. લાઠી રોડ પર ઓવરબ્રિજ, જૂની ગઢની રાંગનું આધુનિકરણ કરીને પુનઃસ્થાપન તેમજ નાગનાથ મંદિર, કામનાથ મંદિર, બી.એ.પી.એસ. મંદિર અને ગાંધીબાગને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવી સર્વાંગી વિકાસ કરવાની ખાતરી આપી હતી. વેપારીઓને કોઈપણ પ્રશ્ન કે જરૂરિયાત હોય ત્યારે તેમની સાથે રહી મદદ કરવાની પણ ખાતરી આપી હતી. સાંસદ ભરતભાઈ સુતરીયાએ અમરેલીને આયાત-નિકાસના કેન્દ્ર તરીકે વિકસાવવા માટે જરૂરી સૂચનો કર્યા હતા. વેપારીઓને કોઈપણ પ્રકારની જરૂરિયાત ઊભી થાય ત્યારે સાથ-સહકાર આપવાની ખાતરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન વેપારીઓના પ્રશ્નો અને શહેરના વિકાસ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. એસોસિએશનના ઉપપ્રમુખ શૈલેષભાઈ ચૌહાણે છેલ્લા ત્રણ વર્ષનો હિસાબ રજૂ કરી આભારવિધિ કરી હતી. કારોબારી સભ્ય વિજયભાઈ બુધેલીયા, પંકજભાઈ મસરાણી,મૂકેશભાઈ કુંજડીયા, જયદેવભાઈ કોઠીવાલ, અજયભાઈ ઘાઘલ,કીશનભાઈ ઘરાજીયા,જયેન્દ્રભાઈ શિગાળા, ધર્મેશભાઈ ભંડેરી,ગોપાલભાઈ ટાંક, રિઘ્ધેશભાઈ નાકરાણી, પ્રશાંતભાઈ નગદીયા,ભરતભાઈ સાવલીયા, આશિષભાઈ સોજીત્રા, ગોપાલભાઈ ઝીંઝુવાડીયા, પ્રફુલભાઈ ચોવટીયા, કમલેશભાઈ મહેતા, સુરેશભાઈ ભાલાળા, નિખીલભાઈ આશર,સુરેશભાઈ આદ્રેજા, કેતનભાઈ ટાંક,કેવલભાઈ સોજીત્રા,વિનુભાઈ ભાડ આ સ્નેહમિલનનો મુખ્ય હેતુ બધા વેપારીઓ નજીક અને ભાઈચારો વધે તેવો હતો તેમ ગોપાલ ઝીંઝુવાડીયા અખબારી યાદીમાં જણાવેલ છે.

હીરાભાઈ સોલંકીના હસ્તે સરકારી હોસ્પિટલથી ભેરાઈ રોડનું ખાતમુહૂર્ત

રાજુલા,તા.૧૩

રાજુલા શહેરમાં સરકારી હોસ્પિટલથી ભેરાઈ રોડને જોડતો નવો ડિવાઈડરવાળો રસ્તો બનશે. ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે રૂ. ૧ કરોડના ખર્ચે બનનારા આ રસ્તાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ રસ્તો બનવાથી શહેરમાં ટ્રાફિકની સમસ્યા ઓછી થશે અને વાહનચાલકોને



અવરજવરમાં મોટી સગવડ મળશે. રેલવે પાસેથી જમીન મેળવી આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. સવિતાનગર અને ભેરાઈ રોડ તરફ જતા વાહનચાલકોને હવે લાંબો વળાંક લેવો પડશે નહીં, જેથી સમય અને અંતરની પણ બચત થશે. ખાતમુહૂર્ત પ્રસંગે રાજુલા નગરપાલિકાના ચીફ ઓફિસર, પાલિકા પ્રમુખ, રવુભાઈ ખુમાણ સહિત ભાજપના આગેવાનો હાજર રહ્યા હતા. રસ્તાનું કામ દિવાળી પહેલાં પૂર્ણ કરવાની ખાતરી આપવામાં આવી હતી.

અમરેલીમાં ભાજપ મહિલા મોરચાનું વિરોધ પ્રદર્શન, કોંગ્રેસ સામે સૂત્રોચ્ચાર

ભાજપ મહિલા મોરચાએ મહિલાઓની સુરક્ષા મુદ્દે કોંગ્રેસ પાસે સ્પષ્ટતા માગી

અમરેલી,તા.૧૩

અમરેલીમાં ભારતીય જનતા પાર્ટીના જિલ્લા મહિલા મોરચા દ્વારા વિદ્યાર્થીનીઓની છેડતીના કથિત પ્રયાસના આક્ષેપોને લઈને વિરોધ પ્રદર્શન યોજવામાં



આવ્યું હતું. ભાજપની મહિલા કાર્યકર્તાઓએ સૂત્રોચ્ચાર કરી કોંગ્રેસ સામે વિરોધ નોંધાવ્યો હતો. જેએનયુના પ્રોફેસર વિમોલ અકોઈજામ સામે વિદ્યાર્થીનીઓની છેડતીના પ્રયાસના ગંભીર આક્ષેપો થયાનો દાવો કરી કોંગ્રેસ અને રાહુલ ગાંધીની ભૂમિકા સામે સવાલો ઉઠાવ્યા હતા. કાર્યકર્તાઓએ મહિલાઓની સુરક્ષા અને સન્માનના મુદ્દે કોંગ્રેસે સ્પષ્ટતા કરી યોગ્ય પગલાં લેવા જોઈએ તેવી માંગ કરી હતી.

અમરેલીના રોકડીયા હનુમાનપરા પ્રા. શાળામાં બાળકોને સ્વાસ્થ્ય અંગે માર્ગદર્શન અપાયું

જાણીતા બાળ નિષ્ણાંત ડો. નિતીન ત્રિવેદીએ ઓજસ હેલ્થ અંતર્ગત બાળકોને તંદુરસ્ત જીવનશૈલી અંગે વિસ્તૃત માહિતી આપી

અમરેલી,તા.૧૩

અમરેલીના રોકડીયા હનુમાનપરા પ્રાથમિક શાળા ખાતે તારીખ ૧૦-૯-૨૦૨૬ના રોજ જાણીતા બાળ નિષ્ણાંત ડો. નિતીન ત્રિવેદી દ્વારા ઓજસ હેલ્થ અંતર્ગત ઓજસ પોષણ, ઓજસ માનસ અને ઓજસ સક્ષમ વિશે બાળકોને વિસ્તૃત માહિતી આપવામાં



આવી હતી. બાલવાટિકાથી ધોરણ નવ સુધીના બાળકોને પોષણક્ષમ આહાર, નિયમિત વ્યાયામ, માનસિક સ્વાસ્થ્ય, લોકો સાથે સારો વ્યવહાર અને સારી જીવનશૈલી અપનાવી જીવનમાં આગળ વધવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાળકોમાં પણ મનોરોગનું પ્રમાણ વધતું જોવા મળતું હોવાથી ઓટીઝમ વિશે પણ સમજ આપવામાં આવી હતી. શાળાના બહેન શીતલબેન દવેના ધોરણ બેમાં અભ્યાસ કરતા ઓટીઝમના ચિન્હો ધરાવતા વિદ્યાર્થી અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આનંદભાઈ ભટ્ટે કર્યું હતું. અંતે શીતલબેન દવે દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ અંગે શાળાના આચાર્ય દિનેશભાઈ વ્યાસે અખબારી યાદીમાં નોંધ કરી હતી.

લીલીયાના કાંકચ ગામે વૃધ્ધા પર થયેલા હુમલામાં આરોપીનું રિકન્ટ્રકશન કરાયુ

લીલીયા,તા.૧૩

લીલીયા તાલુકાના કાંકચ ગામે તા. ૧૦-૧૦-૨૦૨૬ની રાત્રે ૭૦ વર્ષીય વૃદ્ધા અંબામાં પર થયેલા જીવલેણ હુમલાના બનાવમાં આરોપી જયંતિ ઝાલાવાડિયાને પોલીસે ઝડપી પાડ્યો હતો. આરોપીને ઘટનાસ્થળે લઈ જઈ લીલીયા પોલીસે બનાવનું રિકન્સ્ટ્રકશન કર્યું



હતું. મળતી માહિતી મુજબ, વૃધ્ધા ઘરે હતા ત્યારે આરોપીએ છરી વડે હુમલો કરી પેટના ભાગે ઘા મારવાનો પ્રયાસ કર્યો હતો. બચાવ માટે વૃધ્ધાએ છરી પકડી લેતા હાથમાં ગંભીર ઈજા થઈ હતી અને ૨૩ ટાંકા લેવા પડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન પીઆઈ એમ.ડી. સાળુંકે, પીએસઆઈ વાય.એમ. જાડેજા સહિત પોલીસ સ્ટાફ હાજર રહ્યો હતો.

રાજુલાના વડલી ગામે પ્રેમસંબંધમાં યુગલ ભાગી જતાં યુવકના ભાઈને ફોન પર ગાળો ભાંડી

રાજુલા, તા.૧૩

રાજુલાના વડલી ગામે પ્રેમસંબંધના કારણે યુગલ ભાગી જવાની અદાવતમાં યુવકના મોટાભાઈને ફોન પર બિભત્સ ગાળો આપવાની ઘટના સામે આવી હતી. આ મામલે હાલ અમદાવાદમાં રહેતા મૂળ વડલી ગામના સંજયભાઈ વિરજીભાઈ ધાખડા (ઉ.વ.૩૩) રાજકોટના સરધારમાં રહેતા મુકેશભાઈ પટેલ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના નાનાભાઈ નાજાભાઈ ધાખડાને રાજકોટના સરધાર ગામે રહેતા આરોપીની પુત્રી સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. આ પ્રેમસંબંધના પગલે બંને અમદાવાદથી ક્યાંક ભાગી ગયાં હતાં. આ બાબતનું મનદુઃખ રાખીને યુવતીના પિતા મુકેશભાઈ પટેલ તેમને અવારનવાર ફોન કરીને હેરાન કરતા હતા, જેથી તેમણે પોતાનો મોબાઈલ સ્વીચ ઓફ કરી દીધો હતો. તેઓ પોતાના ગુમ થયેલા ભાઈની ભાળ મેળવવા માટે પરિવાર સાથે વડલી ગામે આવ્યા હતા. તેવામાં ગત તા. ૧૦/૧૦/૨૦૨૬ના રોજ સાંજના આશરે પાંચ વાગ્યાની આસપાસ તેમના પત્ની ચંદ્રિકાબેનના મોબાઈલ નંબર પર આરોપીએ મોબાઈલ પરથી કોલ કર્યો હતો. તેમણે ફોન રિસીવ કરીને સ્પીકર પર રાખતા જ સામા છેડેથી આરોપીએ ઉશ્કેરાઈ જઈ જેમ ફાવે તેમ ગંદી ગાળો ભાંડી હતી.

રાજુલાની મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓએ યુવક મહોત્સવમાં મેળવ્યો પ્રથમ ક્રમાંક

રાજુલા,તા.૧૩

રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ અને કોમર્સ કોલેજની શિયાળ કાશ્મીરાબેન અને બારૈયા નીલુબેને હાલરડા ગાયનમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. લોકગીતમાં કાશ્મીરાબેન દ્વિતીય રહ્યા હતા. તાલુકા કક્ષાના







કલા મહોત્સવમાં કિંજલબેન પોરીયા, આરતીબેન વાઘ અને હીનાબેન અરડુ પ્રથમ રહ્યા હતા, જ્યારે મનીષાબેન કવાડે ભજનમાં દ્વિતીય ક્રમાંક મેળવ્યો હતો. સફળ વિદ્યાર્થીનીઓને કોલેજ પરિવાર દ્વારા અભિનંદન પાઠવી સન્માનિત કરવામાં આવી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જવેલર્સ

(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી
શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક,
લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

અમરેલીમાં ટોકન દરે દસ્તાવેજ નોંધણી કરી આપવા પાલિકા પ્રમુખની કલેકટરને રજૂઆત

અમરેલી,તા.૧૩

અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયાએ કલેકટરને પત્ર લખી અમરેલી શહેરના પરિવર્તનીય વિસ્તાર (ઝોન ફેરફાર/કન્વર્ટેડ એરિયા) માં માત્ર ટોકન દરે દસ્તાવેજ નોંધણી કરી આપવા માંગ કરી છે.



પત્રમાં જણાવ્યા મુજબ, અગાઉના સમયમાં રહેણાંક કે વ્યાપારી હેતુ માટે પરિવર્તનીય કરાયેલા વિસ્તારોમાં ઘણા મધ્યમ અને ગરીબ પરિવારો પાસે પૂરતા દસ્તાવેજી પુરાવા ન હોવાથી અથવા ઊંચી જંત્રી અને નોંધણી ફીના કારણે પોતાના મકાન કે પ્લોટના પાકા દસ્તાવેજ કરાવી શક્યા નથી.

આના કારણે સરકારી યોજનાઓનો લાભ લેવામાં, બેંક લોન મેળવવામાં તેમજ માલિકી હક્ક સાબિત કરવામાં મુશ્કેલી પડી રહી છે. રાજ્ય સરકાર ખાસ કિસ્સા તરીકે પ્રોત્સાહક યોજના લાવી નજીવી ફી સાથે દસ્તાવેજ નોંધણી કરી આપે તો હજારો પરિવારોને કાયદેસરનો માલિકી હક્ક મળી શકશે.

આ પત્રની નકલ શ્રી કૌશિકભાઈ વેકરિયા તથા ઉર્જા અને પેટ્રોકેમિકલ મંત્રીને પણ મોકલવામાં આવી છે.

ચીખલકુબા કેમ્પ સાઈડ પાસે ઘાયલ દીપડાનું જટિલ રેસ્ક્યુ ઓપરેશન કરાયું

ધારી,તા.૧૩

ગીર પૂર્વ વન વિભાગ ધારીની તુલસીશ્યામ રેંજના કોઠારીયા રાઉન્ડ હેઠળ ચીખલકુબા કેમ્પ સાઈડ પાસે ગંભીર રીતે ઘાયલ દીપડાનું જટિલ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.



આર.એફ.ઓ. નકુમના માર્ગદર્શન હેઠળ વન વિભાગની રેસ્ક્યુ ટીમે કામગીરી કરી હતી. દીપડો ઊંડા ભૂંગળામાં ફસાયેલો હોવાથી પીંજરું અંદર લઈ જવું શક્ય ન હતું. આવી મુશ્કેલ પરિસ્થિતિમાં વનકર્મીએ જાનના જોખમે લોખંડનો પલંગ ભૂંગળા આડો રાખી દીપડાને ટ્રાન્ક્યુલાઈઝ કરી સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું.

તુલસીશ્યામ વન વિભાગની ટીમે જાનના જોખમે દીપડાને બચાવી જસાધાર એનિમલ કેર ખાતે ખસેડ્યો

ત્યારબાદ ઘાયલ દીપડાને તાત્કાલિક જસાધાર એનિમલ કેર ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

બાબરા આઈટીઆઈ ખાતે આજે રોજગાર ભરતીમેળાનું આયોજન

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને આઈ.ટી.આઈ.ના સંયુક્ત ઉપક્રમે તા. ૧૪ ઓક્ટોબર, બુધવારે સવારે ૧૦:૩૦ કલાકે બાબરા આઈ.ટી.આઈ. ખાતે ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ કંપનીઓ દ્વારા મશીન ઓપરેટર, ટેકનિશિયન, સુપરવાઈઝર અને કંપની ટ્રેઈનીની જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે. ઉમેદવારોને રૂ. ૧૩,૦૦૦થી રૂ. ૧૯,૯૦૦ સુધીનો પગાર મળી શકશે. ધોરણ ૧૦, ૧૨, આઈ.ટી.આઈ. અને ડિપ્લોમા લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે. ઉમેદવારોએ બાયોડેટા, શૈક્ષણિક પ્રમાણપત્રો, આધારકાર્ડ અને ફોટા સાથે હાજર રહેવું. વધુ માહિતી માટે રોજગાર કચેરીનો સંપર્ક કરવો.

ધારીની જી.એન. દામાણી પ્રાથમિક શાળામાં વેશભૂષા કાર્યક્રમ યોજાયો

ધારી.તા.૧૩

ધારીની જી.એન. દામાણી પ્રાથમિક શાળા ખાતે આનંદદાયી શનિવાર અંતર્ગત વેશભૂષા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.



તસવીર :સંજય વાળા

આ કાર્યક્રમમાં નાના ભૂલકાઓએ ખુબજ સુંદર વેશભૂષા ધારણ કરી હતી. જેમાં કોઈ કૃષ્ણ, રાધા, મહાદેવ, રામ, માતાજી, ડૉક્ટર, વકીલ, પોલીસ, મિલિટ્રીમેન, ક્રિકેટર, પેન્ટર અને શિક્ષક જેવી અનેક વેશભૂષામાં બાળકો આવ્યા હતા. બાળકોએ વિવિધ પાત્રો ભજવી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. બાળકોને પ્રોત્સાહિત કરવામાં જી.એન. દામાણી પ્રાથમિક શાળાના શિક્ષક જીગ્નેશપુરી ગોસ્વામીનો સિંહફાળો રહ્યો હતો. આ પ્રસંગે ધારી નગરપાલિકાના ઉપપ્રમુખ પરેશભાઈ પટ્ટણી, શાસક પક્ષના નેતા જીતુભાઈ જયસ્વાલ, નગરપાલિકાના સભ્યો ગોબરભાઈ નકુમ તથા ધર્મેન્દ્રભાઈ લહેરૂ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમથી બાળકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા મોટરસાઈકલની નવી સિરીઝનું ઈ-ઓકશન યોજાશે

અમરેલી,તા.૧૩

અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા મોટરસાઈકલની નવી સિરીઝ **GJ ૧૪ BN 0001-9999** માટે ઈ-ઓકશન યોજાશે. ઓનલાઈન અરજી ૧૫ ઓક્ટોબર સાંજે ૪ થી ૧૭ ઓક્ટોબર સાંજે ૪ વાગ્યા સુધી કરી શકાશે.

બિડિંગ ૧૭ થી ૧૯ ઓક્ટોબર સાંજે ૪ વાગ્યા સુધી ચાલશે અને પરિણામ ૧૯ ઓક્ટોબરે જાહેર થશે. અરજદારોએ પરિવહન વેબસાઈટ પર નોંધણી કરાવવાની રહેશે. સફળ અરજદારોએ બાકીની રકમ પાંચ દિવસમાં ભરવાની રહેશે.

સમયસર નાણાં નહીં ભરાય તો જમા રકમ જપ્ત થશે. ઈ-ઓકશન અંગેની માહિતી યુટ્યુબ પર પણ મળી શકશે તેમ અધિકારીએ જણાવ્યું હતું.


બાબરામાં મેલી વિદ્યાની શંકાના વહેમમાં પુરુષે મહિલા પર હુમલો કર્યો

બાબરા, તા.૧૩

બાબરામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. દાંપત્યજીવનમાં ચાલતા અણબનાવ પાછળ મેલી વિદ્યા અને પડોશી દ્વારા પત્નીને ચડામણી કરાતી હોવાની શંકા રાખી એક શખ્સે પાડોશીના ઘરમાં ઘૂસી તોડફોડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હતી. આરોપીએ મહિલા પર લોખંડનો પાઈપ ઉગામી ઘરની બારીઓના કાચ તોડી આશરે રૂ.૫૦૦૦ નું નુકસાન પહોંચાડ્યું હતું. બનાવ અંગે બાબરામાં રહેતા નીશાબેન મિહીરભાઈ તેરૈયા (ઉ.વ.૩૩) એ જેતપુરમાં રહેતા પૃથ્વીભાઈ ધાધલ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, આરોપીની પત્ની તેના પિયરમાં તેમના ઘર પાસે રહે છે. પતિ-પત્ની વચ્ચે અણબનાવ ચાલતો હોવાથી આરોપીની પત્નીને શંકા હતી કે તેના પતિ પર કોઈએ મેલી વિદ્યા કરી છે. બીજી તરફ, તેમની અને આરોપીની પત્ની વચ્ચે પારિવારિક સંબંધો હોવાથી તેમજ તેમના પતિ કર્મકાંડનું કામ કરતા હોવાથી, તેમણે જણાવ્યું હતું કે જો કોઈ વિધિ કે કર્મકાંડ કરાવવું હોય તો તેમના પતિ કરી આપશે. આ બાબતની જાણ આરોપીને થતાં તેને વહેમ પેઠો હતો કે તેના પતિ તેની પત્નીને ચડામણી કરે છે, જેના કારણે તેમના ઘરમાં કંકાસ થાય છે. આ અદાવતમાં તેના પતિને ફોન પર ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઉપરાંત આરોપી ઉશ્કેરાઈને ગેરકાયદેસર રીતે તેમના ઘરમાં ઘૂસી આવ્યો હતો. ઘરમાં પ્રવેશી તેણે તેમને તથા તેમના સાસુને ગંદી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એટલું જ નહીં, હાથમાં લોખંડનો પાઈપ લઈ તેમના પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો અને ઘરની બારીઓના કાચ ફોડી આશરે રૂ. ૫૦૦૦નું નુકસાન કર્યું હતું. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ શિવાભાઈ કે. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

લાઠી પોલીસ દ્વારા એક મોટરસાયકલ અને બે મોબાઈલ ફોન સોંપાયા

અમરેલી,તા.૧૩



લાઠી પોલીસ દ્વારા 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત કુલ રૂ. ૪૬,૦૦૦ની ગુમ થયેલી મિલકત શોધી કાઢવામાં આવી હતી. જેમાં એક મોટરસાયકલ અને બે મોબાઈલ ફોનનો સમાવેશ થાય છે. પોલીસે જરૂરી કાર્યવાહી કરી આ તમામ મિલકત તેના મુળ માલિકોને પરત સોંપી હતી. આ કામગીરીથી મિલકત ગુમાવનાર લોકોને રાહત મળી હતી અને પોલીસ દ્વારા કાર્યક્રમને સાર્થક કરવામાં આવ્યો હતો.

ભૂરખીયા હનુમાનજી મંદિરે ૧૦૩મો નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાશે

અમરેલી,તા.૧૩

દામનગરના ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે તા. ૧૫-૧૦-૨૦૨૬ના ગુરુવારના રોજ ૧૦૩મો વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે. રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર, મુંબઈના આર્થિક સહયોગથી લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી), સુદર્શન નેત્રાલય અમરેલી અને ભૂરખીયા હનુમાનજી મંદિર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં આંખના દર્દીઓની નિદાન તપાસ કરી જરૂરિયાતમંદ દર્દીઓના મોતીયાના ઓપરેશન વિનામૂલ્યે કરી આપવામાં આવશે. કેમ્પનો સમય સવારે ૮થી બપોરે ૧૨ વાગ્યા સુધી રાખવામાં આવ્યો છે. દર્દીઓને આધાર પુરાવા સાથે સમયસર કેમ્પ સ્થળે આવી લાભ લેવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

મોતીયાના ઓપરેશન પણ વિનામૂલ્યે કરી અપાશે, દર્દીઓને લાભ લેવા અનુરોધ

અમરેલી જિલ્લામાંથી ૫ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળેથી પોલીસે ૫ પ્યાસી ઝડપી પાડ્યા હતા. મોરંગી, શેલણા, વડીયા, સમઢીયાળા-૨, ચતુરી ગામેથી એક-એક મળી ૫ પ્યાસી પકડાયા હતા. સાવરકુંડલામાંથી એક યુવક પાસેથી ૨ લીટર પીવાનો દેશી દારૂ ઝડપાયો હતો.







જાહેર નોટીસ

ઉનાના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (શ્રી જે.કે.ખાંટ) સાહેબની કોર્ટમાં મું-ઉના જી.ગીર સોમનાથ

ફો.પ.અ.નં.-૨૧૪/૨૦૨૬
મુદત તારીખ ૨૬/૧૧/૨૦૨૬

અરજદાર : રાજુભાઈ મનુભાઈ બાંભણીયા
રહે. ચંદ્રકિરણ સોસાયટી ઉના તા.ઉના જી.ગીર સોમનાથ

-: વિરૂધ્ધ :-

સામાવાળા : જન્મ - મરણ રજીસ્ટારશ્રી, નગર પાલીકા ઉના
મુ.ઉના.તા.ઉના.જી.ગીર સોમનાથ

અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી એચ.સી.ચૌહાણ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે, કે, આ કામના અરજદાર રાજુભાઈ મનુભાઈ બાંભણીયા રહે. ચંદ્રકિરણ સોસાયટી,ઉના તા.ઉના જી.ગીર સોમનાથ અરજદારના માતા સવિતાબેન વા/ઓ મનુભાઈ બાંભણીયા નું મરણ તારીખ ૧૬/૧૨/૧૯૮૬ ના રોજ ઉના મુકામે ઘરે મરણ થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી મરણનું પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ-૨૬/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે ઉના કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૩/૧૦/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

તૈયાર કરનાર અને મુકાબલ કરનાર સહી (એ.એચ.જાદવ) સુપ્રીટેન્ડેટ

કોર્ટનો સિક્કો

હુકમથી, સહી (વી.કે.શુકલા) રજીસ્ટ્રાર એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, ઉના

જાહેર નોટીસ

ઉનાના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (શ્રી જે.કે.ખાંટ) સાહેબની કોર્ટમાં મું-ઉના જી.ગીર સોમનાથ

ફો.પ.અ.નં.-૨૦૬/૨૦૨૬
મુદત તારીખ ૨૫/૧૧/૨૦૨૬

અરજદાર : રૂડીબેન લાલજીભાઈ કાપડીયા
રહે. નવાબંદર ઉના તા.ઉના જી.ગીર સોમનાથ

-: વિરૂધ્ધ :-

સામાવાળા : જન્મ - મરણ રજીસ્ટારશ્રી,
તલાટી-કમ મંત્રી,નવાબંદર ગ્રામ પંચાયત,
મુ.નવાબંદર.તા.ઉના.જી.ગીર સોમનાથ

અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી એચ.સી.ચૌહાણ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે, કે, આ કામના અરજદાર રૂડીબેન લાલજીભાઈ કાપડીયા રહે. નવાબંદર તા.ઉના જી.ગીર સોમનાથ અરજદારના પુત્રી જયાગૌરી નો જન્મ તારીખ ૧૩/૦૩/૧૯૭૬ ના રોજ નવાબંદર મુકામે ઘરે જન્મ થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી જન્મનુ પ્રમાણ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ-૨૫/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે ઉના કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૩/૧૦/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

તૈયાર કરનાર અને મુકાબલ કરનાર સહી (એ.એચ.જાદવ) સુપ્રીટેન્ડેટ

કોર્ટનો સિક્કો

હુકમથી, સહી (વી.કે.શુકલા) રજીસ્ટ્રાર એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, ઉના

તંત્રી લેખ

સ્ટાર્ટઅપ અને બિઝનેસમાં સફળતાનું મૂળ : સીએસઆર

કોઈપણ સારું કામ સમાજમાં ખૂબ મોટી અસર ઊભી કરે છે કોઈ વ્યક્તિ અથવા કોઈ કંપની કોઈ ભલાઈનું કામ કરે તો તેની અસર માની ન શકાય તેટલી મોટી હોય છે માની લો કે કોઈ કંપની વૃક્ષારોપણ કરે અથવા તો અન્ય કોઈ સામાજિક કાર્યની અંદર સહયોગ આપે તો લોકો તેને આવકારે છે અન્ય માટે કરેલું ભલાઈનું કામ કોઈ દિવસ નિષ્ફળ જતું નથી. ભગવાન કૃષ્ણ ગીતામાં કહે છે કે કોઈપણ સદકાર્ય તેની કાયમી સુવાસ મૂકીને જાય છે આ જ વસ્તુ આજના જમાનામાં ધનકુબેરો તથા મોટી કંપનીના માલિકોને સમજાતી જાય છે અને તે પોતાની સામાજિક જવાબદારી સમજીને આવા અનેક પ્રકારના ભલાઈના કામ કરે છે એક સમયે આપણા દેશમાં મહાજન પ્રથા હતી. નગરશેઠ હતા. તે લોકો સામાન્ય પ્રજા માટે માની ન શકાય તેવા કાર્યો કરતા હતા. આજે આ જવાબદારી મોટી કોર્પોરેટ કંપનીઓને શિરે આવી છે. જેને સીએસઆર કહેવામાં આવે છે.સીએસઆર એ એક સ્વયં નિયમનકારી બિઝનેસ મોડલ છે, જેમાં કંપનીઓ સ્વેચ્છાએ સામાજિક અને પર્યાવરણીય ચિંતાઓને તેમની રોજિંદી કામગીરીમાં સમાવે છે.

બિઝનેસમાં સીએસઆરના અનેક ફાયદા છે. સૌથી પહેલો ફાયદો સામાજિક છબીમાં સુધારો છે. સીએસઆરથી કંપનીની સકારાત્મક પ્રતિષ્ઠા ઊભી થાય છે, કારણ કે ગ્રાહકો એવી કંપનીઓને વધુ પસંદ કરે છે, જે સામાજિક કાર્યોમાં યોગદાન આપે છે. બીજો ફાયદો ગ્રાહકોની વફાદારીમાં વધારો છે. જે બ્રાન્ડ તેના મૂલ્યો પ્રત્યે પ્રતિબધ્ધ રહે છે, તેની સાથે ગ્રાહકો લાંબા સમય સુધી જોડાયેલા રહે છે. ત્રીજો ફાયદો ખર્ચમાં બચતનો છે. ઉર્જા કાર્યક્ષમ પ્રક્રિયાઓનો અમલ અને કચરામાં ઘટાડો કરવાથી બિઝનેસને લાંબા ગાળે ખર્ચ ઘટાડવામાં સરળતા રહે છે.

કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી એટલે કે સીએસઆર એ વ્યવસાયની પોતાની ક્રિયાઓની સામાજિક, આર્થિક અને પર્યાવરણીય અસરોને ધ્યાનમાં લઈને નૈતિક અને ટકાઉ રીતે કામ કરવાની પ્રતિબધ્ધતા છે. તે માત્ર નફાથી આગળ વધીને સમાજમાં સકારાત્મક યોગદાન આપવાની પહેલ છે. આ જ કારણ છે કે સીએસઆર આજે દરેક જવાબદાર બિઝનેસ માટે અનિવાર્ય બની ગયું છે. સીએસઆર શા માટે મહત્ત્વપૂર્ણ છે તે સમજવા માટે તેના લાભો તરફ ફરી નજર કરવી પડે. સૌપ્રથમ, તે બ્રાન્ડની પ્રતિષ્ઠા વધારે છે. જવાબદાર પ્રથાઓ માટે જાણીતી કંપનીઓ ગ્રાહકો, ભાગીદારો અને રોકાણકારો પાસેથી વિશ્વાસ તેમજ વફાદારી મેળવે છે. બીજું, તે કર્મચારીઓને જાળવી રાખવામાં મદદ કરે છે. જે કંપનીઓ સામાજિક કાર્યો પ્રત્યે જવાબદાર હોય છે, તેમાં કર્મચારીઓ વધુ પ્રેરિત થઈને કામ કરે છે. ત્રીજું, તે ટકાઉપણામાં યોગદાન આપે છે. સીએસઆર એવી પ્રથાઓને પ્રોત્સાહન આપે છે, જેમાં કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડીને અથવા ટકાઉ મટીરિયલનો ઉપયોગ કરીને પર્યાવરણને થતા નુકસાનને ઘટાડવામાં આવે છે. સીએસઆર પહેલના મુખ્ય ત્રણ પ્રકારો છે. પ્રથમ પ્રકાર પર્યાવરણીય જવાબદારી છે, જે ઊર્જા કાર્યક્ષમતા, રિસાયક્લિંગ અને ઈકો-ફ્રેન્ડલી પ્રથાઓ દ્વારા કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. બીજો પ્રકાર સામાજિક જવાબદારી છે, જેમાં સમાજને પાછું આપવું, વંચિત સમુદાયો માટે આરોગ્ય સંભાળ, શિક્ષણ અને સામાજિક ન્યાય જેવી સહયોગાત્મક પહેલો સામેલ છે. ત્રીજો પ્રકાર આર્થિક જવાબદારી છે, જે નૈતિક નાણાકીય નિર્ણયો લેવા પર ભાર મૂકે છે, જેથી કંપનીને જ નહીં, પરંતુ વ્યાપક અર્થતંત્રને પણ લાભ થાય. કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી એ જવાબદાર વૃદ્ધિનો માર્ગ છે. આધુનિક વ્યવસાયો માટે વિશ્વ પર સકારાત્મક અસર ઊભી કરવાનું આ એક મહત્ત્વપૂર્ણ સાધન છે. પર્યાવરણીય ટકાઉપણું, સામાજિક યોગદાન કે નૈતિક પ્રથાઓ દ્વારા સીએસઆર કંપનીઓને નફા ઉપરાંત સાચું મૂલ્ય ઉમેરવા સક્ષમ બનાવે છે. જે સ્ટાર્ટઅપ કે બિઝનેસ આ સમજીને ચાલે છે, તે લાંબા ગાળે બજારમાં ટકી રહે છે અને સાચી સફળતા પ્રાપ્ત કરે.

અમરેલીની કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ ખાતે પોષણ થાળી કાર્યક્રમ-૨૦૨૬નું સફળ આયોજન કરાયું

અમરેલી,તા.૧૩



કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી ખાતે ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના કુલપતિ પ્રો. (ડૉ.) સી. કે. ટીંબડિયાના માર્ગદર્શન અને આચાર્ય ડૉ. એસ. પી. દેશમુખના નેતૃત્વમાં 'પોષણ થાળી (NUTRI-THALI) કાર્યક્રમ–૨૦૨૬' યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં સંતુલિત આહાર, પોષણયુક્ત ખોરાક, સ્થાનિક અને પરંપરાગત ખાદ્યપદાર્થો, સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી તેમજ ખાદ્ય ઉદ્યોગસાહસિકતા અંગે જાગૃતિ લાવવાનો હતો. આ આયોજન અંતર્ગત વિદ્યાર્થીઓએ સ્થાનિક અનાજ, કઠોળ, શાકભાજી અને ફળોમાંથી બનેલી પૌષ્ટિક વાનગીઓના ફૂડ સ્ટોલ તૈયાર કરીને પ્રદર્શન કર્યું હતું, જેનાથી તેમને ખાદ્ય બનાવટ, મૂલ્યવર્ધન અને વેચાણ કૌશલ્યનો વ્યવહારુ અનુભવ મળ્યો હતો. કોલેજના આચાર્ય, અમરેલીની FWWB ટીમ, સ્ટાફ અને વિદ્યાર્થીઓએ આ સ્ટોલની મુલાકાત લઈ પ્રયાસોને બિરદાવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનોના મહત્વ અને 'સ્વસ્થ જમીન, પોષણયુક્ત ખોરાક અને સ્વસ્થ જીવન'ના સંદેશ સાથે ટકાઉ ખાદ્ય પ્રણાલી પર ભાર મૂકવામાં આવ્યો હતો.

જાફરાબાદના બલાણા ગામે યુવકને જાનથી મારવાની ધમકી આપી

જાફરાબાદ, તા.૧૩

જાફરાબાદના બલાણા ગામે યુવકને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે રાજુભાઈ કબાભાઈ સાંખટ (ઉં.વ.૩૩)એ રમેશભાઈ કબાભાઈ સાંખટ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના ઘરે સાહેદ શાંતુબેન લાઇટ બીલ આપવા આરોપીને જણાવતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ જેમફાવે તેમ ગાળો આપવા લાગ્યો હતો. તેઓ ત્યાં આવતા તેમને પણ ગાળો આપવા લાગ્યો હતો. તેવામા સાહેદ પ્રેમજીભાઈ, રવિભાઈ તથા દક્ષાબેન વચ્ચે પડતા તેઓને પણ જેમ ફાવે તેમ ગાળો આપી હતી અને ત્યાં પડેલ લાકડાનો ધોકો તેમને તથા પ્રેમજીભાઈને મારી દેતા બંન્નેને જમણા હાથના પોચા ઉપર ફેકચર થયું હતું. તેમજ અન્ય સાહેદોને પછાડી મુંઢ ઈજાઓ કરી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના એએસઆઈ આર બી ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

જિલ્લા વહીવટી તંત્રની રાહબરી હેઠળ અમરેલીમાં જિલ્લાકક્ષાની નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધા યોજાઈ

૧૪ ટીમોના ૩૬૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો, પ્રથમ સ્થાન મેળવનાર ટીમ રાજ્યકક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે

અમરેલી તા. ૧૩

જિલ્લા વહીવટી તંત્રની રાહબરી હેઠળ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, અમરેલી દ્વારા શ્રી અમરેલી જિલ્લા લેઉવા ચેરીટેબલ ટ્રસ્ટ સુરતના સહયોગથી જિલ્લાકક્ષાની નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધા યોજાઈ હતી. નિર્ણાયક પ્રફુલભાઈ ઠાકર, જોલીબેન કાલાવાડીયા, અરૂણાબેન માલાણી તથા જિલ્લા યુવા વિકાસ અધિકારી વી.બી. પરમારે સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો હતો. આ મહોત્સવમાં અલગ અલગ વયજૂથની ૧૪ ટીમોના ૩૬૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ગુજરાત સરકાર દ્વારા ૧૪ થી ૪૦ વર્ષના કલાકારોને પ્રોત્સાહન આપવા દર વર્ષે આ સ્પર્ધાનું આયોજન કરાય છે. અર્વાચીન અને પ્રાચીન ગરબા માટે ૧૪ થી ૩૫ વર્ષ તથા રાસ માટે ૧૪ થી ૪૦ વર્ષની વયના યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો. પ્રથમ સ્થાન મેળવનાર ટીમ રાજ્યકક્ષાએ અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ પ્રસંગે મનસુખભાઈ ધાનાણી, વસંતભાઈ પેથાણી અને વી.બી. પરમારે સ્પર્ધકોને શુભકામનાઓ પાઠવી હતી.

માહિતી કમિશનરની અધ્યક્ષતામાં 'RTI સંવાદ' કાર્યક્રમનું આયોજન

ભાવનગર, અમરેલી અને બોટાદ જિલ્લાના માહિતી અધિકારીઓને કાયદાની જોગવાઈઓ અને હાઈકોર્ટના ચુકાદાઓ અંગે માર્ગદર્શન અપાયું

અમરેલી, તા. ૧૩

ભાવનગર, અમરેલી અને બોટાદ જિલ્લાના માહિતી અધિકારીઓ તથા અપીલ અધિકારીઓ માટે તા. ૮ ઓક્ટોબરના રોજ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી 'RTI સંવાદ' કાર્યક્રમ યોજાયો હતો. બપોરે ૩:૨૫ થી સાંજે ૪ વાગ્યા સુધી માહિતી કમિશનરની અધ્યક્ષતામાં આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ત્રણેય જિલ્લાના અધિકારીઓ જોડાયા હતા. જિલ્લા કક્ષાએ કલેક્ટર કચેરી અને તાલુકા કક્ષાએ મામલતદાર કચેરીઓ ખાતેથી અધિકારીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં માહિતી અધિકાર કાયદાની મહત્વની જોગવાઈઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત કાયદા સંબંધિત વિવિધ હાઈકોર્ટના ચુકાદાઓ અંગે પણ માર્ગદર્શન અપાયું હતું. માહિતી આયોગની કામગીરી દરમિયાન જોવા મળતી ક્ષતિઓનું પુનરાવર્તન ન થાય અને કામગીરી વધુ યોગ્ય બને તે માટે જરૂરી સૂચનાઓ આપી ભાવિ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ધારીના ડાંગાવદર નજીક સિંગતેલ ભરેલું કન્ટેનર પલટી ગયું : ૩.૩૫ લાખનું તેલ રસ્તા પર ઢોળાયું

ધારી, તા.૧૩

ધારી તાલુકાના ડાંગાવદર ગામ નજીક સોમનાથ ટ્રાન્સપોર્ટનું સિંગતેલ ભરેલું કન્ટેનર પલટી મારી જતાં રસ્તા પર તેલની રેલમછેલ થઈ ગઈ હતી. આ અકસ્માતમાં અંદાજે ૩.૩૫ લાખની કિંમતનું ૨૧,૭૭૫ કિલોગ્રામ ખાદ્ય સિંગતેલ ઢોળાઈ જતાં મોટું નુકસાન થયું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, જૂનાગઢ સ્થિત વિનય ઈન્ડસ્ટ્રીઝમાંથી ટાટા કંપનીના ટ્રક કન્ટેનરમાં આશરે ૨૧,૭૭૫ કિલો લૂઝ સિંગતેલ ભરીને પીપાવાવ પોર્ટ તરફ લઈ જવામાં આવી રહ્યું હતું. ટ્રક જ્યારે ધારીના ડાંગાવદર ગામ પાસે પહોંચ્યો ત્યારે તીવ્ર વળાંકમાં સામેથી અચાનક એક મોટું વાહન આવી ચડ્યું હતું. સામેથી આવતા વાહનને સાઈડ આપવા માટે ચાલકે ટ્રક રોડની સાઈડમાં નીચે ઉતારવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ચોમાસાની ઋતુને પગલે કાચી માટી પોચી હોવાથી ટ્રકના એક સાઈડના ટાયર જમીનમાં બેસી ગયા હતા. વાહનમાં રહેલા લિક્વિડ તેલનો ભાર એક તરફ નમી જતાં સિંગતેલ ભરેલું કન્ટેનર રોડની સાઈડમાં પલટી ખાઈ ગયું હતું. અકસ્માતને પગલે કન્ટેનરમાં ભરેલું અંદાજે ૩. ૩૫,૦૦,૦૦૦ ની કિંમતનું સિંગતેલ રોડની બાજુમાં વહી ગયું હતું. આ મામલે ટ્રક ચાલકે સંબંધિત પોલીસ મથકે જાણ કરતાં આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી હતી.

અમરેલી જિલ્લામાં રમત-ગમતનો સુધારેલો કાર્યક્રમ જાહેર કરાયો

અમરેલી,તા.૧૩

ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા આયોજીત ખેલ મહાકુંભ-૨૦૨૬ અંતર્ગત અમરેલી જિલ્લાની કુસ્તી, બાસ્કેટબોલ અને હેન્ડબોલ સ્પર્ધાની તારીખોમાં આકસ્મિક કારણોસર ફેરફાર કરાયો છે. સુધારેલા કાર્યક્રમ મુજબ કુસ્તી સ્પર્ધા ૧૬ ઓક્ટોબરે સવારે ૮ વાગ્યે સાવરકુંડલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે યોજાશે. બાસ્કેટબોલ સ્પર્ધા ૨૧ ઓક્ટોબરે લાલાવદર સ્પોર્ટ્સ સંકુલ ખાતે યોજાશે. હેન્ડબોલમાં ભાઈઓની સ્પર્ધા ૧૯ ઓક્ટોબરે અને બહેનોની સ્પર્ધા ૨૦ ઓક્ટોબરે સવારે ૭:૩૦ વાગ્યે વિદ્યાસભા સ્કૂલ, અમરેલી ખાતે યોજાશે. સંબંધિત અધિકારીઓ, આચાર્યો, મંડળો અને રમતવીરોએ નોંધ લેવા જણાવાયું છે.

સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૭૮૦	૨૦૦૨
ઘઉં લોકવન	૫૫૮	૬૦૭
ઘઉં ટુકડા	૫૬૨	૭૧૭
જુવાર સફેદ	૧૨૭૦	૧૫૨૦
જુવાર લાલ	૧૨૨૨	૧૩૦૦
જુવાર પીળી	૪૦૦	૫૦૦
બાજરી	૪૩૪	૪૮૦
તુવેર	૧૪૪૦	૨૦૫૧
ચણા પીળા	૧૨૧૫	૧૫૫૦
ચણા સફેદ	૧૬૦૦	૨૪૦૦
અડદ	૧૫૫૦	૨૧૦૧
મગ	૧૪૫૦	૧૮૦૦
વાલ દેશી	૪૦૦	૧૬૦૫
ચોળી	૧૦૩૦	૨૧૩૦
વટાણા	૭૦૦	૧૦૮૪
કળથી	૫૯૦	૫૯૦
સીંગદાણા	૧૬૪૦	૨૦૦૦
મગફળી જાડી	૧૧૦૦	૧૬૬૩
મગફળી જીણી	૧૧૨૧	૧૭૪૪
સુરણ	૪૮૨	૭૦૨
કોથમરી	૪૧૭	૮૬૯
મુળા	૧૮૬	૩૭૮
રીંગણા	૩૧૬	૬૬૭
કોબીજ	૮૧	૧૩૭
ફ્લાવર	૨૧૧	૩૧૪
ભીંડો	૫૮૯	૭૬૬
ગુવાર	૯૩૧	૧૭૮૬
ચોળાસીંગ	૫૨૭	૯૭૭
વાલોળ	૬૨૧	૧૦૧૮
ટીંડોળા	૩૧૧	૭૨૪
દુધી	૧૫૫	૨૪૮
કારેલા	૪૧૯	૫૯૭
સરગવો	૮૦૧	૧૪૩૨
તુરીયા	૬૧૧	૭૮૩
પરવર	૬૭૬	૮૮૧
કાકડી	૩૧૫	૭૯૧
ગાજર	૨૯૧	૪૮૪
વટાણા	૨૬૨૬	૩૪૧૨
તુવેરસીંગ	૫૩૮	૭૪૪
તલી	૨૨૪૦	૩૧૩૧
સુરજમુખી	૧૦૦૮	૧૦૦૮
એરંડા	૧૩૫૦	૧૫૬૨
સોયાબીન	૧૧૪૫	૧૪૦૦
સીંગફાડા	૧૪૨૫	૧૭૪૦
કાળા તલ	૨૭૦૦	૩૯૦૦
લસણ	૧૧૫૫	૨૩૫૦
ધાણા	૨૭૭૦	૩૦૮૦
મરચા સુકા	૨૦૦૦	૩૫૧૬
ધાણી	૨૮૦૦	૩૧૨૦
જીરૂ	૪૪૦૦	૫૧૦૦
રાય	૧૪૫૦	૧૯૬૧
મેથી	૮૨૦	૧૮૪૨
અજમો	૧૩૦૦	૧૪૩૮
કલોંજી	૪૨૫૦	૫૧૨૬
રાયડો	૧૧૫૦	૧૬૬૭
રજકાનું બી	૭૦૦૦	૯૬૦૦
ગુવારનું બી	૧૩૫૦	૧૫૫૦

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૧૮૮૦	૩૭૭૨
પપૈયા	૧૨૪	૩૪૮
બટેટા	૯૨	૩૦૯
ડુંગળી સુકી	૩૦૦	૭૬૧
ટમેટા	૩૧૫	૫૧૮
ડુંગળી લાલ	૨૨૧	૯૯૧
અડદ	૧૦૦૦	૨૦૩૧
તુવેર	૧૩૦૧	૨૦૫૧
રાય	૧૪૫૧	૧૮૫૧
મેથી	૧૦૫૧	૧૬૧૧
કાંગ	૪૦૧	૭૯૧
સફેદ ચણા	૧૪૨૬	૨૩૫૧
તલ - તલી	૨૦૨૬	૩૨૦૦
ધાણી	૩૦૦૦	૩૧૯૧
બાજરો	૪૮૧	૫૧૧
મકાઇ	૫૮૧	૫૮૧
મગ	૧૩૫૧	૧૮૫૧
ચણા	૧૧૫૧	૧૫૧૧
વાલ	૧૦૫૧	૧૦૫૧
ચોળા/ચોળી	૧૦૦૦	૧૦૦૦
સોયાબીન	૧૧૫૦	૧૪૭૬
અજમાં	૨૩૦૧	૨૩૦૧
અરીઠા	૩૦૧	૩૦૧
ગોગળી	૭૨૬	૧૩૯૧
વટાણા	૮૦૦	૧૧૧૧

ગોંડલ

કપાસ	૧૧૭૧	૨૦૦૧
ઘઉં લોકવન	૫૫૬	૬૦૬
ઘઉં ટુકડા	૫૪૦	૬૫૦
સિંગદાણા જાડા	૧૫૯૧	૧૮૯૧
સિંગ ફાડીયા	૧૦૭૧	૧૮૦૦
એરંડા/એરંડી	૧૨૦૦	૧૬૧૬
તલ લાલ	૨૨૦૦	૨૮૪૧
જીરૂ	૨૦૦૧	૫૧૯૧
ક્લંજી	૨૮૫૧	૫૧૫૧
વરીયાળી	૨૦૦૧	૨૦૦૧
ધાણા	૨૮૦૦	૩૧૫૧
કંટોળા	૧૦૨૬	૧૩૭૨
ગલકા	૩૮૭	૫૯૦
બીટ	૩૪૩	૫૫૨
મેથી	૧૦૧૪	૧૫૮૮
વાલ	૬૨૧	૧૧૯૨
ડુંગળી લીલી	૨૨૦	૪૧૩
આદુ	૧૪૧૪	૩૧૭૫
મરચા લીલા	૧૯૭	૭૪૩
હળદર લીલી	૫૯૧	૮૦૨
લસણ લીલું	૨૦૨૯	૩૦૮૨
મગફળી લીલી	૬૧૧	૮૭૯
મકાઇ લીલી	૧૪૨	૨૮૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૨૦૦	૫૦૦
મરચા	૨૦૦	૮૦૦
ગુવાર	૪૦૦	૧૬૦૦
કોબી	૬૦	૨૦૦
દુધી	૮૦	૪૦૦
ફ્લાવર	૩૦	૫૦૦
કાકડી	૧૬૦	૧૫૪૦
રીંગણા	૨૦૦	૮૦૦
ભીંડો	૧૮૦	૧૨૦૦
ગલકા	૧૬૦	૭૦૦
ગાજર	૧૬૦	૮૦૦
ટિંડોરા	૩૦૦	૮૦૦
તુવેર	૮૦૦	૧૬૦૦
વાલ	૬૦૦	૧૬૦૦
વટાણા	૨૦૦૦	૩૨૦૦
શક્કરીયા	૫૦૦	૬૦૦
કેરી કાચી	૨૩૮૦	૩૦૦૦
બટેટા	૧૬૦	૨૭૦
લીલી હળદર	૫૦૦	૧૦૦૦
ડુંગળી પુરા	૩	૧૦
તાંજરીયા પુરા	૨	૫
કોથમીર પુરા	૧	૪
મૂળા પુરા	૩	૧૦
કાચા કેળા	૧૬૦	૩૦૦
પચકારુ	૨૦૦	૩૨૦
ગ્વાર	૪૦૦	૮૦૦
પરવર	૩૦૦	૮૦૦
ઘીસોડા	૨૦૦	૮૦૦
લીંબુ	૩૦૦	૨૪૦૦
મેથી પુરા	૩	૨૩
બીટ પુરા	૪	૧૦
સરગવો પુરા	૫	૧૫
ચોરા	૨૦૦	૧૨૦૦
કારેલા	૩૦૦	૯૦૦
વાલોર	૪૦૦	૧૨૦૦
મગફળી લીલી	૮૦૦	૯૦૦
કાચા પોપૈયા	૧૦૦	૩૦૦
આદુ	૧૦૦૦	૧૬૦૦
મકાઈ ડોડા	૧૬૦	૩૦૦
લસણ પુરા	૩	૧૫
પાલક પુરા	૨	૫

અમરેલી

શિંગ દડ્ડ નં.	૨૦૦૦	૨૦૦૦
ગીરનાર શિંગ	૧૧૫૦	૧૫૯૦
શિંગ મોટી	૧૦૦૦	૧૧૬૦
શિંગદાણા ફાડા	૧૭૭૦	૧૮૭૦
તલ સફેદ	૧૭૦૫	૩૫૨૫
તલ કાળા	૨૩૩૦	૪૧૩૦
તલ કાશમીરી	૨૬૨૫	૨૬૯૫
જુવાર	૧૨૦૦	૧૪૮૦
ઘઉં ટુકડા	૫૧૫	૬૨૫
ઘઉં લોકવન	૫૩૫	૫૮૦
અડદ	૧૦૦૦	૨૧૫૦
ચણા	૯૫૦	૧૫૨૦
છોલે ચણા	૧૫૪૦	૧૫૪૦
તુવેર	૭૦૫	૧૭૧૫
કપાસ	૯૮૦	૨૦૩૦
એરંડા	૧૦૦૦	૧૫૪૦
જીરુ	૨૦૮૦	૪૯૦૦
ધાણી	૧૦૦૦	૨૯૫૫
અજમાં	૧૯૧૦	૨૨૦૦
સોયાબીન	૧૨૨૫	૧૩૪૦
રજકાનું બી	૮૦૦૦	૮૭૮૫
કાંગ	૬૨૦	૬૨૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૫૦	૨૭૦
રીંગણા	૬૦૦	૯૦૦
ફ્લાવર	૨૦૦	૩૦૦
કોબીજ	૨૦૦	૨૬૦
શકકરીયા	૭૫૦	૮૫૦
ટમેટાં	૫૦૦	૫૫૦
સુરણ	૯૪૦	૧૦૫૦
ગાજર	૪૫૦	૫૫૦
દુધી	૨૫૦	૩૫૦
કારેલા	૫૦૦	૬૦૦
ગલકા	૪૦૦	૪૫૦
મૂળા	૧૫૦	૨૦૦
કાકડી	૪૦૦	૬૫૦
ગુવાર	૧૨૦૦	૧૫૦૦
વાલોળ	૧૧૦૦	૧૨૦૦
વટાણા	૨૬૫૦	૨૮૫૦
ચોળા લીલા	૯૦૦	૧૦૦૦
તુરીયા	૭૨૦	૮૩૦
વાલ	૯૦૦	૧૦૦૦
લીલી તુવેર	૧૨૦૦	૧૩૦૦
ભીંડો	૮૦૦	૯૦૦
હળદર લીલી	૧૦૦૦	૧૨૦૦
આદુ	૧૨૦૦	૧૨૫૦
કોથમીર	૪૦૦	૬૦૦
મેથીભાજી	૬૮૦	૮૨૦
કોદીનો	૧૦૫૦	૧૨૦૦
ટીંડોરા	૫૨૦	૬૩૦
બીટ	૬૦૦	૭૦૦
શીંગઓળા	૮૨૦	૯૩૦
સરગવો	૧૨૩૦	૧૪૦૦
લીમડો મીઠો	૧૭૦	૨૦૦
મરચાં લીલાં	૬૦૦	૮૦૦
મરચાં લાલ	૩૦૦	૭૫૦
ડુંગળી લીલી	૩૦૦	૪૦૦
ડુંગળી સુકી	૬૨૦	૮૦૦
લસણ લીલું	૧૫૦૦	૨૨૦૦
લસણ સુકું	૧૬૦૦	૨૨૦૦
પાલક	૬૦૦	૭૦૦
લીબુ	૨૦૦૦	૩૦૦૦
મકાઇ	૨૨૦	૩૬૦
ચીભડા	૫૦૦	૭૦૦

સાવરકુંડલા

શીંગ જીણી	૧૩૫૦	૧૫૫૦
શીંગ મોટી	૧૪૦૦	૧૫૮૧
તલ સફેદ	૨૫૦૦	૩૧૨૨
તલ કાળા	૩૩૦૦	૩૮૮૦
જુવાર	૪૫૦૦	૪૮૦૦
કપાસ	૧૯૦૦	૨૦૦૪
ઘઉં લોકવન	૫૨૦	૫૬૧
ઘઉં ટુકડા	૫૩૦	૫૯૦
બાજરો	૪૦૦	૫૪૦
મગ	૧૦૫૦	૧૪૦૦
અડદ	૧૫૦૦	૨૦૦૧
ચણા	૧૨૨૫	૧૫૯૦
દેશી ચણા	૧૧૦૦	૧૩૫૦
તુવેર	૧૩૦૦	૧૮૩૦
એરંડી	૧૨૫૦	૧૫૫૧
સોયાબીન	૧૨૦૦	૧૩૪૦

બાબરા

કપાસ	૧૭૪૦	૨૦૭૦
કપાસ મીડી.	૧૬૮૦	૧૭૧૦
મગફળી	૧૩૩૦	૧૫૨૩
મગ	૧૪૦૦	૨૦૨૫
અડદ	૧૭૪૦	૧૯૧૫
સોયાબીન	૧૨૪૦	૧૩૧૫

બગસરા

કપાસ	૧૬૬૦	૨૦૧૩
ઘઉં લોકવન	૫૧૯	૫૨૩
ઘઉં ટુકડા	૫૩૪	૫૬૦
અડદ	૨૦૦૦	૨૧૦૦
મગફળી	૧૨૨૫	૧૩૨૦
ચણા	૧૧૮૫	૧૪૫૦
સફેદ ચણા	૧૦૫૫	૧૦૫૫
મગ	૧૫૦૦	૧૫૦૦
સોયાબીન	૧૦૦૦	૧૨૩૭
તલ કાળા	૨૫૦૦	૨૫૦૦
શીંગ દાણા	૧૬૯૫	૧૬૯૫
તલ સફેદ	૨૬૦૦	૨૬૦૦
ધાણા	૨૫૨૦	૨૫૨૦

ધારી

કપાસ	૧૮૫૫	૧૯૭૬
મગફળી	૧૧૭૫	૧૪૭૧
ઘઉં	૫૩૯	૫૬૦
ધાણા	૨૮૦૦	૨૮૦૦
શીંગ દાણા	૧૨૦૦	૧૪૭૫
અડદ	૧૮૮૬	૧૮૮૬
કલોંજી	૪૮૦૦	૪૮૦૦
સોયાબીન	૧૦૦૦	૧૨૮૦

મહુવા

શીંગ ગીરનાર	૧૧૦૦	૧૫૫૦
શીંગ ૬૬	૧૩૦૦	૨૧૬૭
શીંગ ૩૯	૧૦૦૦	૧૫૭૦
શીંગ જી-૨૦	૧૨૦૦	૧૫૮૩
એરંડા	૧૪૦૦	૧૪૨૬
જુવાર	૫૦



06

લાગે તો તીર :-લગભગ..લગું લગું અમથાલાલની આવી હાલત હતી

જ્ઞાનેશ કુમારને આંદોલનથી જ હટાવી શકાય



જ્ઞાનેશ કુમાર રહેશે કે જશે ? દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે કોંગ્રેસ સહિતના વિપક્ષો અને કોકોચ જનતા પાર્ટી (સીજેપી)ના આંદોલનના કારણે અત્યારે આ મુદ્દે દેશભરમાં ચર્ચા ચાલી રહી છે. જ્ઞાનેશ કુમાર લાંબા સમયથી વિવાદોમાં છે અને ભાજપના એજન્ટ તરીકે વર્તતા હોવાના આક્ષેપો લાંબા સમયથી થાય જ છે પણ સામાન્ય લોકોને તેમાં રસ નહોતો પડતો. ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ માટે જાણીતા અતિ પ્રતિષ્ઠિત અંગ્રેજી અખબારે ચૂંટણી પંચમાં મતભેદો અંગે રીપોર્ટ છાપ્યો એ સાથે જ લોકોને જ્ઞાનેશ કુમારમાં રસ પડી ગયો છે.

આ રીપોર્ટને આધારે જ્ઞાનેશ કુમારને હટાવવા માટે વિપક્ષો મેદાનમાં આવ્યા ને ખાસ તો કોકોચ જનતા પાર્ટી (સીજેપી)એ આંદોલન શરૂ કર્યું પછી જ્ઞાનેશ કુમાર છવાઈ ગયા છે. સીજેપીએ નવી દિલ્લીમાં ઉગ્ર દેખાવો પણ કર્યા. સીજેપીમાં જેન-ઝી વધારે છે અને જેન-ઝી સોશિયલ મીડિયા પર એકદમ સક્રિય હોવાથી સોશિયલ મીડિયા પર તો જ્ઞાનેશની જ ચર્ચા છે. સીજેપી ધર્મેન્દ્ર પ્રધાનને મોદી સરકારમાંથી રાજીનામું અપાવવામાં સફળ રહી પછી મીડિયા પણ સીજેપીના આંદોલનોને ગંભીરતા લે છે તેથી મીડિયામાં પણ જ્ઞાનેશની ચર્ચા છે.

વિપક્ષોનું કહેવું છે કે, જ્ઞાનેશે ચૂંટણી પંચને સ્વાયત્ત ના રહેવા દેતાં ભાજપની બી ટીમ બનાવી દીધી છે. ચૂંટણી પંચ 'મત ચોરી'ના પાપમાં ભાગીદાર બનીને ભાજપને જીતાડવાના કારસામાં ભાગીદાર છે. અંગ્રેજી અખબારે સ્ફોટક રીપોર્ટ આપ્યો છે કે, દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેન્દ્ર કુમારે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ની પ્રક્રિયામાં મનમાની કરી હતી અને બાકીના બે ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધુ અને વિવેક જોષીના વાંધાને ઘોળીને પી ગયા હતા. અલગ અલગ રાજ્યોમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) હેઠળ ૧૩ કરોડ મતદારોનાં નામ કમી કરાયાં છે. આ મતદારો ભાજપને મત નહોતા આપતા તેથી તેમનાં નામ કાઢી નંખાયાં એવો વિપક્ષોનો દાવો છે.

બીજી તરફ ધર્મેન્દ્ર પ્રધાનના કિસ્સામાં બનેલું એમ આ કિસ્સામાં પણ ભાજપ જ્ઞાનેશનો બચાવ કરી રહ્યો છે. ભાજપનું કહેવું છે કે, વિપક્ષોને જનસમર્થન નહીં હોવાથી ચૂંટણી જીતી શકતા નથી તેથી પાણીમાંથી પોરા કાઢીને ચૂંટણી પંચ પર દોષનો ટોપલો ઢોળી રહ્યા છે. બાકી ચૂંટણી પંચે કશું ખોટું કર્યું નથી ને ભાજપને કોઈ ખોટી મદદ પણ કરી નથી.

બંનેમાંથી સાચું કોણ એ નક્કી કરવું મુશ્કેલ છે પણ આક્ષેપો અને પ્રતિઆક્ષેપોના કારણે ચૂંટણી પંચ ચર્ચામાં આવી ગયું છે તેમાં બેમત નથી.

■■■

વિવાદના કેન્દ્રમાં રહેલા જ્ઞાનેશ કુમાર કોણ છે ?

જ્ઞાનેશ કુમાર ૧૯૮૮ની કેરળ કેડરના આઈએએસ અધિકારી છે. ઉત્તર પ્રદેશના આગ્રામાં જન્મેલા કુમારે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (IIT), કાનપુરમાંથી સિવિલ એન્જિનિયરિંગમાં બીટેક કર્યું છે અને હાર્વર્ડ યુનિવર્સિટીમાં પર્યાવરણીય અર્થશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે. જ્ઞાનેશ કુમારે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ ફાઈનાન્સિયલ એનાલિસ્ટ્સ ઓફ ઈન્ડિયામાં બિઝનેસ ફાઈનાન્સનો અભ્યાસ પણ કર્યો છે.

કુમારે કારકિર્દીની શરૂઆત એર્નાકુલમમાં આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે કરી હતી અને પછી પ્રમોશન મેળવતા ગયા. કેરળ સરકારના જાહેર બાંધકામ વિભાગ (પીડબલ્યુડી)માં સેક્રેટરી રહી ચૂકેલા જ્ઞાનેશ કુમારને કોંગ્રેસ સરકાર દિલ્લી લઈ આવી અને અત્યારે કોંગ્રેસ જ તેમની સામે પડી છે. કેરળના મુખ્યમંત્રી રહી ચૂકેલા એ.કે. એન્ટની ડો. મનમોહનસિંહની સરકારમાં સંરક્ષણ મંત્રી હતા ત્યારે જ્ઞાનેશ કુમારે સંરક્ષણ મંત્રાલયમાં સેક્રેટરી તરીકે કામ કર્યું હતું. એન્ટનીના માનીતા જ્ઞાનેશે ૨૦૦૭ થી ૨૦૧૨ દરમિયાન સંરક્ષણ મંત્રાલયના સંરક્ષણ ઉત્પાદન વિભાગમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે સેવા આપી હતી. ૨૦૧૪માં ભાજપ સરકાર આવી ત્યારે જ્ઞાનેશને સંસદીય બાબતોના મંત્રાલયમાં મૂકી દેવાયેલા. સંસદીય બાબતોના મંત્રાલયમાં તેમણે ભાજપ સાથે ઘરકોબો કેળવ્યો. ખાસ કરીને અમિત શાહ સાથે નિકટતા કેળવી તેમાં અમિત શાહે જ્ઞાનેશને કલમ ૩૭૦ની નાબૂદી માટેના કાયદાનો ડ્રાફ્ટ બનાવવાનું કામ સોંપેલું. આ કામ સારી રીતે કરતાં ખુશ થયેલા અમિત શાહ જાન્યુઆરી ૨૦૨૦માં જ્ઞાનેશને ગૃહ મંત્રાલયમાં લઈ ગયા. ત્યાં જ્ઞાનેશ 'શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર'ની સ્થાપનાની પ્રક્રિયામાં સામેલ હતા. ૨૦૨૩માં અમિત શાહ તેમને સહકાર મંત્રાલયમાં લઈ ગયા અને નિવૃત્તિ પછી ચૂંટણી કમિશનર બનાવી દીધા. જ્ઞાનેશ કુમાર ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર બન્યા એ પહેલાં લગભગ ૧ વર્ષ સુધી ચૂંટણી કમિશનર રહેલા અને રાજીવ કુમારની નિવૃત્તિ પછી તેમને મુખ્ય ચૂંટણી કમિશનર બનાવાયેલા.



બ્રેકિંગ પોઈન્ટ

નેહા શર્મા

કેરળમાં જ્ઞાનેશ કુમાર સ્ટેટ ટ્રાન્સપોર્ટ ડીપાર્ટમેન્ટમાં હતા ત્યારે લી બીન સીન નામના મલેશિયનના આપઘાતના કેસમાં તેમનું નામ આવેલું. જ્ઞાનેશ સામે વિજિલન્સની તપાસ પણ થયેલી પણ કોંગ્રેસી એન્ટનીના માનીતા હોવાથી કશું ના થયું. હવે ૨૦ વર્ષ પછી પોતાને નડ્યા હોવાનું લાગતાં કેરળની કોંગ્રેસ સરાકરે તેમની સામેનો કેસ ફરી ખોલ્યો છે.

■■■

કાનૂની રીતે જ્ઞાનેશ કુમારને હટાવી શકાય ?

ભાજપ જ્ઞાનેશની તરફેણમાં હોવાથી કાનૂની રીતે જ્ઞાનેશ કુમારને હટાવી શકાય તેમ નથી. મોદી સરકારે મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરો (નિયુક્તિ, સેવાની શરતો અને કાર્યકાળ) અધિનિયમ, ૨૦૨૩ની કલમ ૧૬ હેઠળ જ્ઞાનેશ કુમાર સામે સત્તાવાર હોદ્દા પર હોય ત્યાં સુધી કોઈ ફોજદારી કાર્યવાહી કરી શકાય તેમ નથી. આ જોગવાઈ પ્રમાણે, મુખ્ય ચૂંટણી કમિશનર કે કમિશનર સત્તાવાર ફરજો બજાવતી વખતે નિર્ણય લે કે કામ કરે એ બદલ તેમની વિરુધ્ધ કોઈ દીવાની અથવા ફોજદારી કાર્યવાહી ચલાવી શકાય નહીં. આ જોગવાઈના કારણે સુપ્રીમ કોર્ટ પણ જ્ઞાનેશ કુમારની સામે કેસ કરવાની મંજૂરી ના આપી શકે .

બંધારણની કલમ ૩૨૪ (૫) મુજબ મુખ્ય ચૂંટણી કમિશનરને માત્ર મહાભિયોગ હેઠળ જ હટાવી શકાય તેથી જ્ઞાનેશ કુમાર સામે ઈમ્પીચમેન્ટ મોશન એટલે કે મહાભિયોગની દરખાસ્ત લાવવાનો વિકલ્પ છે પણ વિપક્ષો પાસે બહુમતી નથી તેથી મહાભિયોગ દ્વારા જ્ઞાનેશને હટાવી ના શકાય. મહાભિયોગ પ્રસ્તાવ રજૂ કરવા માટે લોકસભામાં ૧૦૦ અને રાજ્યસભામાં ૫૦ સાંસદોના સમર્થનની જરૂર પડે . લોકસભામાં સ્પીકર અને રાજ્યસભામાં ચેરપર્સન પાસે મહાભિયોગની દરખાસ્ત એટલે કે ઈમ્પીચમેન્ટ મોશનને સ્વીકારવી કે નહીં એ નક્કી કરવાની સત્તા છે. બંને ઈમ્પીચમેન્ટ મોશનને સ્વીકારે તો પણ પસાર ના થાય કેમ કે લોકસભામાં ૩૬૨ સાંસદો અને રાજ્યસભામાં ૧૬૪ સાંસદોનું સમર્થન હોવું જોઈએ. વિપક્ષ પાસે સંસદમાં અત્યારે આટલા સભ્યો નથી તેથી જ્ઞાનેશ કુમારને ના હટાવી શકાય.

કાનૂની રીતે જ્ઞાનેશને હટાવવા શક્ય નહીં હોવાથી છેલ્લો રસ્તો જનઆંદોલનનો જ રહે છે અને વિપક્ષો એ જ રસ્તે ચાલી રહ્યા છે.

■■■

ચૂંટણી પંચમાં વિવાદો નવા નથી પણ આ વિવાદ અનોખો છે.

અત્યાર લગી એવું બનતું કે, ચૂંટણી કમિશનરો સખતી બતાવે તેથી સરકાર સાથે તેમના ટકરાવના કારણે વિખવાદ થતો. આ વખતે સ્થિતી અલગ છે અને વિપક્ષો મુખ્ય ચૂંટણી કમિશનરને સરકારના એજન્ટ ગણાવી રહ્યા છે તેમાં વિવાદ થઈ ગયો છે.

ભૂતકાળમાં ચૂંટણી પંચ ચર્ચામાં આવ્યું હોય એવા બે મોટા વિવાદ પેરી શાસ્ત્રી અને ટી.એન. શેષાનના છે. આર. વી. એસ. પેરી શાસ્ત્રી ૧૯૮૯માં મુખ્ય ચૂંટણી કમિશનર હતા. એ વખતે ચૂંટણી પંચમાં એક જ કમિશનરની નિમણૂક થતી. મૂળ આંધ્ર પ્રદેશના પેરી શાસ્ત્રીને રાજીવ ગાંધીએ જ ચૂંટણી પંચમાં નિમેલા પણ ૧૯૮૯ની લોકસભા ચૂંટણી વખતે રાજીવ ગાંધીએ મતદાનનો સમય લંબાવવા માટે કહ્યું એ વાત પેરી શાસ્ત્રીએ નહોતા માની. રાજીવે ૧૮ વર્ષની ઉંમરે મતદાનનો અધિકાર આપ્યો, તેથી મોટી સંખ્યામાં નવા મતદારો ઉમેરાયા એટલે મતદાનનો સમય લંબાવવા કહેલું પણ શાસ્ત્રીએ આડોડાઈ કરતાં તેમની સત્તાઓ પર કામ મૂકવા ચૂંટણી પંચમાં એસ. એસ. ધનોઆ અને વી. એસ. સીગલની ચૂંટણી કમિશનર તરીકે નિમણૂક કરી દીધી હતી. એકહથ્થુ સત્તાનો અંત આવતાં પેરી શાસ્ત્રી નાખુશ હતા અને મોટો આંતરિક વિવાદ સર્જાયો હતો. બીજા બે ચૂંટણી કમિશનરે રાજીવની ઈચ્છા પ્રમાણે વર્તીને શાસ્ત્રીને નહોર વિનાના વાઘ બનાવી દીધેલા.

ટી. એન. શેષનનો કાર્યકાળ તો વિવાદોથી ભરપૂર હતો. ૧૯૯૦થી ૧૯૯૬ દરમિયાન ચૂંટણી કમિશનર રહેલા શેષાને ચૂંટણી પ્રક્રિયાને ભ્રષ્ટાચારમુક્ત બનાવવા લીધેલા સખત વલણના કારણે નરસિંહરાવની સરકાર સાથે તેમને ભારે ટકરાવ થયો હતો. કડક નિયમ પાલન માટે જાણીતા ટી. એન. શેષનની સત્તાઓ પર કાપ મૂકવા નરસિંહરાવ સરકારે ચૂંટણી પંચને કાયમી ધોરણે ત્રણ સભ્યોનું બનાવ્યું તેની સામે શેષાને શિંગડાં ભેરવેલાં તેથી વિવાદ થયેલો. સરકારે સુપ્રીમ કોર્ટના આદેશો અને વટહુકમો દ્વારા શેષાનને પછાડ્યા પછી બાકીના કમિશનરો સાથે શેષાનના વિખવાદના કારણે પણ પંચ સતત ચર્ચામાં રહ્યું હતું. ■

sanjogpurti@gmail.com


જ્યારે 'જાની' ના શાહી ઠસ્સા સામે નાનાના 'મચ્છરે' હલ્લો મચાવ્યો



સિનેમાની દુનિયા પણ અજબ કીમિયાઓ અને રહસ્યોથી ભરેલી છે, જ્યાં બાળપણની યાદો, સ્કૂલના ચોગાન અને પડદા પરના ચહેરાઓ ભળીને એક અનોખી જ કવિતા રચે છે. અમારા બાળપણના દિવસો યાદ કરીએ તો એ સમય એવો હતો જ્યારે સિનેમા હોલ કે વીસીઆરના પરદા પર માત્ર એક જ શખ્સની ઠાવકાઈ અને શાહી અંદાજનું રાજ ચાલતું હતું. અને તે હતા આપણા સૌના લાડકા, શબ્દોને ચાવીને બોલવાના બેતાજ બાદશાહ રાજકુમાર! પ્રાથમિક શાળા અને હાઈસ્કુલના એ સોનેરી દિવસોમાં મિત્રોના ટોળા વચ્ચે 'જાની...' કહીને વાત શરૂ કરવાની ફેશન જ અલગ હતી. રાજકુમારના એ જુના, વજનદાર અને અક્કડ ડાયલોગ્સ અમારી પેઢીના રગે-રગમાં વણાયેલા હતા. અમને એમ લાગતું કે આ દુનિયામાં રાજકુમાર સિવાય કોઈ બીજો એક્ટર હોઈ જ ન શકે, કારણ કે એમની ચાલમાં જે રોફ હતો અને અવાજમાં જે ગંભીરતા હતી, તેણે આખી પેઢીને મોહિત કરી રાખી હતી. પરંતુ, જેમ જેમ સમય બદલાયો તેમ હવાની દિશા પણ બદલાઈ, અને મહારાષ્ટ્રના મુરુડ-જંજીરા ખાતે ૧૯૫૧/૧ જાન્યુઆરીના રોજ જન્મેલા વિશ્વનાથ પાટેકર એટલે કે આપણા સૌના વ્હાલા નાના પાટેકર નામના એવા તોફાને હિન્દી સિનેમાના આકાશમાં એન્ટ્રી મારી, જેણે આખીય અભિનય પધ્ધતિને હચમચાવી નાખી!

જ્યારે સ્કૂલના દિવસો પૂરબહારમાં ખીલ્યા હતા ત્યારે અચાનક જ નવી પેઢીના હોઠો પર રાજકુમારની જગ્યાએ એક નવા જ અંદાજના સંવાદો રમતા થઈ ગયા. એવા સંવાદો જે કાનના પડદા ફાડી નાખે અને સીધા હૃદય પર ઘા કરે. સ્કૂલના ઓટલે કે મિત્રોના અડ્ડા પર અચાનક ગુંજવા લાગ્યું. ''સાલા એક મચ્છર, આદમી કો હિજડા બના દેતા હૈ...'', અથવા તો ધર્મ અને માનવતાના ધજાગરા ઉડાડતો એ ખતરનાક ડાયલોગ. ''કોનસા ખૂન હિન્દુ કા, કોનસા ખૂન મુસલમાન કા?'' અને પેલો ક્રોધથી ભરેલો અવાજ ''આ ગયે મેરી મૌત કા તમાશા દેખને?'' આ બધા ડાયલોગ્સ અમારી એ વખતની નવી યુવા પેઢીના લોહીમાં દોડવા લાગ્યા હતા. એ વખતે મનમાં એક જ પ્રશ્ન થતો કે ભાઈ, આ આવડો મોટો ખતરનાક એક્ટર છે કોણ? ક્યાંથી આવ્યો આ માણસ કે જેની આંખોમાં જ આગ સળગે છે? એ જિજ્ઞાસાના ભારે પ્રવાહમાં તણાઈને અમે વિડિયો કેસેટની દુકાનો અને સિનેમા ઘરો બહાર લાગેલા નાના પાટેકરની પ્રખ્યાત ફિલ્મ 'પ્રહાર', 'પ્રતિઘાત' અને 'પરિંદા' જેવા ક્લાસિક પુસ્તકો જેવા પોસ્ટરો કલાકો સુધી જોયા કરતા. એ પોસ્ટરો પર નાનાની તીક્ષ્ણ નજર અને કઠોર ચહેરો જોઈને જ ધ્રુજારી છૂટી જતી કે આ અભિનેતા સામાન્ય નથી.

અને પછી જીવનમાં એવો ચમત્કારિક દિવસ આવ્યો જ્યારે મેં એની પ્રથમ વખત કોઈ ફિલ્મ મોટા પડદે જોઈ, અને તે ફિલ્મ હતી 'તિરંગા' (૧૯૯૩)! એ જમાનામાં જ્યારે થિયેટરમાં બેસીને એક બાજુ હિન્દી સિનેમાના સૌથી મોટા શાહી બાદશાહ રાજકુમાર (બ્રિગેડિયર સૂર્યદેવ સિંહ તરીકે) અને બીજી બાજુ એ જમાનાના સૌથી આક્રમક અને તીખા મિજાજવાળા યુવા અભિનેતા નાના પાટેકર (ઈન્સ્પેક્ટર શિવાજીરાવ વાગલે તરીકે) ને સામસામે જોયા, ત્યારે અમારું મગજ ચકરાવે ચડી ગયું. બે અલગ અલગ ધ્રુવો, બે વિરોધી અભિનય શૈલીઓ અને બે બેતાજ બાદશાહો જ્યારે એક જ ફ્રેમમાં આવ્યા, ત્યારે સિનેમા હોલની સીટો પણ ધ્રૂજી ઉઠી હતી. આ અદ્ભુત અનુભવ પછી તો નાના પાટેકર પ્રત્યેનો ક્રેઝ એવો વધ્યો કે તેમની ૭૦ થી વધુ ફિલ્મોની લાંબી સફરની જૂની અને નવી બધી જ ફિલ્મો શોધી શોધીને જોઈ નાખી. અહીં જ વિધાતાએ એક એવો અજબ અને આશ્ચર્યજનક સંયોગ રચ્યો છે, જેને જોઈને ભલભલા જ્યોતિષીઓ પણ ચક્કરમાં પડી જાય! સિનેમાના આ બંને દિગ્ગજોની તારીખો વચ્ચે એક એવો ગજબનો તાલમેલ છે કે જે વાચક કે સિનેમા પ્રેમીને હસાવતા હસાવતા વિચારમાં મૂકી દે છે. રાજકુમારનો જન્મ ૮ ઓક્ટોબર, ૧૯૨૬ ના રોજ થયો હતો; અને બરાબર તેના પૂરા ૧૦૦ વર્ષ પછી, અર્થાત્ ૮ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ નાના પાટેકરનું દુઃખદ અવસાન થયું! આ તારીખોનો મેળ જોઈને એવું લાગે કે જાણે કુદરતે પહેલેથી જ કોઈ ફિલ્મી સ્ક્રીપ્ટ લખી રાખી હોય કે એક દિગ્ગજ જે દિવસે પેદા થયો, બરાબર એક શતાબ્દી પછી તે જ તારીખે બીજા દિગ્ગજે દુનિયાથી વિદાય લીધી! ૮ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ગોવા ખાતે અચાનક હૃદયરોગના હુમલા (**Cardiac Arrest**) થી ૭૫ વર્ષની વયે જ્યારે નાના પાટેકરનું નિધન થયું, ત્યારે ડૉક્ટરોએ પૂરી કોશિશ કરી, પણ કાળની ગતિ આગળ કોઈનું ન ચાલ્યું. (નાનાના મૃત્યુ વિશે જે વિવાદો થયા છે તેની અલગથી વાત કરશું.) પ્રશંસકો, કલાકારો અને સોશિયલ મીડિયા યૂઝર્સે પોતાની પોસ્ટમાં નાના પાટેકરને શ્રધ્ધાંજલિ આપવા માટે તેમનો જ સૌથી પ્રખ્યાત અને લોકપ્રિય ડાયલોગ મૂક્યોઃ ''આ ગયે મેરી મૌત કા તમાશા દેખને?'' ભલા આનાથી મોટો કટાક્ષ અને શ્રદ્ધાંજલિ બીજી શી હોઈ શકે! નાના પાટેકરની ફિલ્મોની યાદી જોઈએ તો તે કોઈ સુવર્ણ ઇતિહાસથી કમ નથી. તેમની સફરની શરૂઆત 'પરિંદા' (૧૯૮૯) થી થઈ, જેમાં તેમના શાનદાર અભિનય માટે તેમને શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો પહેલો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો. ત્યારબાદ આવી તેમની કરિયરની સૌથી મોટી બ્લોકબસ્ટર ફિલ્મ 'ક્રાંતિવીર' (૧૯૯૪), જેમાં પ્રતાપ રવિ બનીને તેમણે સિનેમાઘરોમાં ગજબ મચાવ્યો અને આ ફિલ્મ માટે તેમને શ્રેષ્ઠ અભિનેતાનો રાષ્ટ્રીય પુરસ્કાર તેમજ ફિલ્મફેર શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મળ્યો. મનોવૈજ્ઞાનિક થ્રિલર 'અગ્નિસાક્ષી' (૧૯૯૬) માં તેમનો નેગેટિવ રોલ બ્લોકબસ્ટર સાબિત થયો, તો ૧૯૯૭ની 'યશવંત' ફિલ્મમાં 'એક મચ્છર...' અને 'સો મેં સે અસ્સી બેઈમાન...' જેવા ડાયલોગ્સે ઇતિહાસ રચ્યો. આગળ વધતા, મુંબઈ પોલીસના એન્કાઉન્ટર પર આધારિત 'અબ તક છપ્પન'(૨૦૦૪) માં તેમની સાદી અને ધારદાર શૈલીએ સૌના દિલ જીતી લીધા. ભ્રષ્ટ રાજનીતિ પર પ્રહાર કરતી ફિલ્મ 'અપહરણ' (૨૦૦૫) માટે તેમને ફિલ્મફેર શ્રેષ્ઠ વિલનનો એવોર્ડ મળ્યો. સસ્પેન્સ ડ્રામા 'ટેક્સી નંબર ૯૨૧૧' (૨૦૦૯) પણ વ્યાપારી દ્રષ્ટિએ ખૂબ સફળ રહી. એક બાજુ ગંભીર ડ્રામા તો બીજી બાજુ અનીસ બઝમીની સુપર-હિટ કૉમેડી ફિલ્મ 'વેલકમ' (૨૦૦૭) અને 'વેલકમ બેક' (૨૦૧૫) માં 'ઉદય શેટ્ટી' બનીને તેમણે જે હાસ્યના ફુવારા છોડ્યા, તેણે દર્શકોને હસાવી હસાવીને લોટપોટ કરી દીધા. પ્રકાશ ઝાની રાજકીય ડ્રામા ફિલ્મ 'રાજનીતિ' (૨૦૧૦) પણ બોક્સ ઓફિસ પર સુપર-હિટ રહી, જેમાં તેમનો અભિનય જોવાલાયક હતો. રામ ગોપાલ વર્માની હૉરર ફિલ્મ 'ભૂત' (૨૦૦૩) પણ હિટ રહી હતી. અને જ્યારે મરાઠી સિનેમાની વાત આવે, ત્યારે તેમની માસ્ટરપીસ ફિલ્મ 'નટસમ્રાટ' (૨૦૧૬) એ તમામ જૂના રેકોર્ડ તોડી નાખ્યા અને તેમને શ્રેષ્ઠ અભિનેતાનો ફિલ્મફેર એવોર્ડ અપાવ્યો. આ ઉપરાંત તાજેતરની સામાજિક અને ભાવનાત્મક ફિલ્મ 'વનવાસ' સુધી, નાનાએ સાબિત કરી દીધું કે તેમની અભિનય ક્ષમતાનો કોઈ મુકાબલો નથી. રાજકુમારનો જેમ કોઈ મુકાબલો નથી, તે જ રીતે નાના પાટેકર પણ અજોડ છે! તેમની ઝોળીમાં ૩ રાષ્ટ્રીય પુરસ્કારો અને ૪ ફિલ્મફેર પુરસ્કારો શોભે છે. આ સમગ્ર સિનેમાઈ સફર પર નજર નાખીએ ત્યારે એક બહુ મોટો જીવનસંદેશ અને ફિલસૂફી સમજાય છે. એક કલાકાર બનવા ઈચ્છતા, કે લાઈમલાઈટમાં આવવા ઝંખતા દરેક નવા એક્ટરો માટે રાજકુમારે અને નાના પાટેકરે એક એવો સોનેરી આદર્શ પ્રસ્થાપિત કર્યો છે કે, ફિલ્મી દુનિયામાં એક સુપરસ્ટાર એક્ટર બનવા માટે અને પ્રચંડ લોકપ્રિયતા હાંસલ કરવા માટે તમારી પાસે કોઈ પ્લાસ્ટિક સર્જરી કે મેકઅપ જેવું સુંદર સુંદર ફૂલ જેવું થોબડું હોવું જ પડે તેવું ક્યારેય જરૂરી નથી. ચહેરાની સુંદરતા તો ક્ષણભંગુર હોય છે, પરંતુ એક્ટિંગની ગરીમા, પાત્રની ઊંડાઈ, અવાજનો રણકો અને સમર્પણ ભાવ એક સામાન્ય દેખાવ ધરાવતા ઈન્સાનને પણ મહાન બનાવી દે છે.



ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા

naranbaraiya277@gmail.com

નવરાત્રી એટલે માં અંબાના નવ સ્વરૂપનું બ્રહ્માંડ...

ગત જનની મા અંબાની આરાધના અને શુભ સંકલ્પો દ્વારા આત્મશુદ્ધિકરણ કરવાનો પર્વ એટલે નવરાત્રી.વિવિધ નવ સ્વરૂપમાં મા અંબા સમાજને જીવન જીવવાની કલા સૂચવે છે. સમાજની અંદર રહેલા અનિષ્ટો અને દુષણો સામે સકારાત્મક રીતે પ્રતિકાર કરવાની પ્રચંડ શક્તિ મા અંબા પ્રદાન કરે છે. શક્તિપીઠ અંબાજીમાં મા અંબા બિરાજે છે. ગબ્બરના ગોખમાંથી સમગ્ર વિશ્વને પ્રકાશિત કરે છે તેની શક્તિ જ આ વિશ્વનો પ્રાણ છે. મા અંબા છે તો જ સમગ્ર સૃષ્ટિ છે.મા અંબા શક્તિ અને ભક્તિ પ્રદાન કરે છે.



નવરાત્રીનું ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ અનન્ય છે.નવરાત્રીએ હિન્દુ ધર્મનો સૌથી મોટો અને પવિત્ર તહેવાર છે, જે વર્ષમાં મુખ્યત્વે બે વખત (ચૈત્ર અને આસો માસમાં) ઉજવવામાં આવે છે.આસો માસની શુદ એકમથી નોમ સુધીના નવ દિવસોને 'શરદીય નવરાત્રી' કહેવામાં આવે છે.શક્તિની ઉપાસના આ નવ દિવસો દરમિયાન દેવી દુર્ગાના નવ અલગ-અલગ સ્વરૂપોની પૂજા-આરાધના કરવામાં આવે છે. 'નવરાત્રી' એટલે કે નવ રાત્રિઓનો સમૂહ, જે નવ દિવસ અને નવ રાત્રી સુધી ચાલે છે.નવ સ્વરૂપમાં માં અંબાના દર્શન થાય છે.

અધર્મ પર ધર્મનો વિજય નવરાત્રીએ અસત્ય પર સત્ય અને અન્યાય પર ન્યાયના વિજયનું પ્રતીક છે.આ નવ દિવસોમાં માતાજીએ મહિષાસુર જેવા શક્તિશાળી રાક્ષસનો વધ કરી દેવતાઓ અને લોકને મુક્ત કરાવ્યા હતા.આધ્યાત્મિક શુદ્ધિ અને ઉર્જા પ્રાપ્ત થાય છે.આ તહેવાર કે ઉત્સવ નથી, પરંતુ આંતરિક શુદ્ધિ, ઉપવાસ, સંયમ અને સાધનાનો સમય છે.આ દિવસોમાં દેવીની આરાધના કરવાથી મનમાં સકારાત્મક ઉર્જા અને દૈવી ગુણોનો સંચાર થાય છે.આંતરિક બળ અને માતાજીના સાનિધ્યમાં ભક્તિ વ્યક્ત કરવાની ઉષ્મા પ્રાપ્ત થાય છે.



સામાજિક અને શૈક્ષણિક


ડો. વિપુલ.ડી. પટેલ

(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

આપણા ગુજરાત રાજ્યમાં સાંસ્કૃતિક અને સામાજિક રીતે નવરાત્રીનું બહુ મહત્વ છે.રાત્રે ગરબા અને રાસની રમઝટ સાથે સમગ્ર સમાજ એકત્ર થઈને ભક્તિભાવપૂર્વક આનંદોત્સવ ઉજવે છે,જે આપણી સમૃધ્ધ સંસ્કૃતિની ઓળખ છે.શેરી ગરબા અને રાસ ધીમે ધીમે પાર્ટી પ્લોટમાં ભૌતિકવાદ તરફ પગરવ થઈ રહ્યો છે.નવરાત્રી એટલે માત્ર કૂદવું અને ધર્મના નામે આડંબર કરવા તેમજ વ્યભિચાર કરો ત્યારે પતનનો પ્રકોપ જરૂર થાય છે. સોસાયટી, ચાલી, ગામના ચોકમાં સામૂહિક માતાજીની આરાધના થવી જોઈએ તેની જગ્યાએ આજે બાહ્ય દેખાવ થઈ રહ્યો છે. માતા પિતાએ પણ પોતાના પુખ્ત દીકરા દીકરીઓના સાથે રહી અથવા નિયંત્રણમાં રાખી નવરાત્રીનો આનંદ લેવો જોઈએ.

નવરાત્રિના નવ દિવસોમાં દેવી દુર્ગાના અલગ-અલગ નવ સ્વરૂપોની પૂજા થાય છે, જે નીચે મુજબ છે.મા શૈલપુત્રી (પ્રથમ દિવસ) પર્વતરાજ હિમાલયના પુત્રી હોવાથી તેમને શૈલપુત્રી કહેવામાં આવે છે. તેમના એક હાથમાં ત્રિશૂળ અને બીજા હાથમાં કમળનું ફૂલ શોભે છે. તેઓ નંદી (વૃષભ) પર સવાર છે.મા બ્રહ્મચારિણી (દ્વિતીય દિવસ) 'બ્રહ્મ' એટલે તપસ્યા અને ચારિણી એટલે આચરણ કરનારી. આ સ્વરૂપ તપ, સંયમ, અને વૈરાગ્યનું પ્રતીક છે. તેમના એક હાથમાં જપમાળા અને બીજા હાથમાં કમંડળ છે. મા ચંદ્રઘંટા (તૃતીય દિવસ) માતાજીના મસ્તક પર અર્ધચંદ્રાકાર ઘંટા જેવો આકાર છે, તેથી તેમને ચંદ્રઘંટા કહેવાય છે. તેમનું આ સ્વરૂપ પરમ શાંતિ અને કલ્યાણકારી છે, જે ભક્તોના તમામ દુઃખોનો નાશ કરે છે.મા કૂષ્માડા (ચતુર્થ દિવસ) જેમણે પોતાની 'મંદ હાસ્ય'થી આ સમગ્ર બ્રહ્માંડ (સૃષ્ટિ) ની રચના કરી છે, તેઓ કૂષ્માડા કહેવાય છે. તેઓ સૂર્યમંડળની ભીતર લોક સ્થાપવાની ક્ષમતા ધરાવે છે. મા સ્કંદમાતા (પાંચમો દિવસ) ભગવાન કાર્તિકેય (જેમને સ્કંદ પણ કહેવાય છે) ના માતા હોવાથી તેમને સ્કંદમાતા કહે છે. તેઓ ભગવાન કાર્તિકેયને પોતાની ગોદમાં બેસાડેલા સ્વરૂપમાં દર્શન દે છે અને ભક્તોને મુક્તિ અને મોક્ષ પ્રદાન કરે છે.મા કાત્યાયની (ષષ્ઠી દિવસ) મહર્ષિ કાત્યાયન દ્વારા કઠોર તપસ્યા કરવાથી માતાજીએ તેમના પુત્રી તરીકે અવતાર લીધો હતો. આ સ્વરૂપ અત્યંત તેજસ્વી અને ભક્તોને અભયદાન આપનારું છે.મા કાલરાત્રી (સપ્તમી દિવસ) દેવી દુર્ગ

બાળકની ઊંચાઈની ચિંતા? જાણો હોમિયોપેથીનો વ્યક્તિગત સારવાર અભિગમ




બાળકોના વિકાસમાં સમયસર માર્ગદર્શન, વ્યક્તિગત કેસ ટેકિંગ અને સ્વાસ્થ્યની સર્વાંગી સમજનું મહત્ત્વ.

આજના સમયમાં બાળકની ઊંચાઈ અંગે માતા-પિતામાં જાગૃતિ વધી રહી છે. બાળકની ઉંમર વધતી હોય, પરંતુ ઊંચાઈમાં અપેક્ષિત વધારો ન દેખાતો હોય ત્યારે અનેક પ્રશ્નો ઊભા થાય છે. શું બાળકનો વિકાસ યોગ્ય રીતે થઈ રહ્યો છે? શું પોષણની ખામી કે હોર્મોનલ અસંતુલન જવાબદાર હોઈ શકે? અને બાળકના વિકાસ અંગે હોમિયોપેથીક ચિકિત્સા કેવી રીતે માર્ગદર્શન આપી શકે?

ક્લાસિકલ હોમિયોપેથી: દરેક બાળક માટે વ્યક્તિગત અભિગમ

ડૉ. સેમ્યુઅલ હેનિમેન દ્વારા સ્થાપિત ક્લાસિકલ હોમિયોપેથીમાં દર્દીના સમગ્ર લક્ષણસમૂહના અભ્યાસને મહત્ત્વ આપવામાં આવે છે. આ પધ્ધતિમાં વ્યક્તિગત લક્ષણો, શારીરિક બંધારણ, સ્વાસ્થ્યનો ઈતિહાસ અને વિશિષ્ટ લક્ષણોના આધારે કેસનું મૂલ્યાંકન કરવામાં આવે છે.



હોમિયોપેથીક
ડો. જીતેન્દ્ર પટેલ
સહ લેખીકા :
ડો. નંદિની જોટાંગિયા

બાળકની ઊંચાઈ અંગે પરામર્શ કરતી વખતે તેની ઉંમર, જન્મ અને વિકાસનો ઈતિહાસ, આહાર, ઊંઘ, ભૂતકાળની બીમારીઓ અને કુટુંબમાં ઊંચાઈની પેટર્ન સમજવી ઉપયોગી છે. આ માહિતી બાળકના સ્વાસ્થ્ય અંગે વધુ સ્પષ્ટ સમજ મેળવવામાં મદદરૂપ બને છે.

ઊંચાઈની વૃદ્ધિ પાછળનાં પરિબળો

ઊંચાઈમાં વધારો આનુવંશિકતા, વૃદ્ધિ સંબંધિત હોર્મોન્સ, થાઇરોઇડનું કાર્ય, પોષણ અને હાડકાંના ગ્રોથ પ્લેટ્સની સ્થિતિ પર આધાર રાખે છે. બાળપણ અને કિશોરાવસ્થામાં ગ્રોથ પ્લેટ્સ સક્રિય હોય ત્યારે કુદરતી ઊંચાઈ વૃદ્ધિ શક્ય બને છે.

જો બાળકની વૃદ્ધિ અપેક્ષા કરતાં ધીમી હોય, તો યોગ્ય તપાસ દ્વારા પોષણની ખામી, હોર્મોનલ સમસ્યાઓ અથવા અન્ય તબીબી કારણો શોધી શકાય છે. વહેલી ઓળખથી જરૂરી સારવાર સમયસર શરૂ કરી શકાય છે.

હોમિયોપેથીક પરામર્શ અને બાળકનો વિકાસ

હોમિયોપેથીક ચિકિત્સક બાળકના વ્યક્તિગત લક્ષણો અને સમગ્ર સ્વાસ્થ્યના ઈતિહાસનો અભ્યાસ કરી શકે છે.

આથી, ઊંચાઈની ચિંતા ધરાવતા બાળકનું યોગ્ય તબીબી મૂલ્યાંકન કરાવવું, જરૂરિયાત મુજબ બાળરોગ નિષ્ણાતની સલાહ લેવી અને પોષણ તથા સ્વસ્થ જીવનશૈલી પર ધ્યાન આપવું જરૂરી છે.

માતા-પિતા માટે મહત્ત્વપૂર્ણ સંદેશ

બાળકની ઊંચાઈની સરખામણી અન્ય બાળકો સાથે કરવા કરતાં તેની પોતાની વૃદ્ધિની ગતિને સમજવી વધુ મહત્ત્વપૂર્ણ છે. સંતુલિત આહાર, પૂરતી ઊંઘ, નિયમિત શારીરિક પ્રવૃત્તિ અને સમયસર તબીબી માર્ગદર્શન બાળકના સ્વસ્થ વિકાસમાં મદદરૂપ બને છે.

નિષ્કર્ષ: બાળકની ઊંચાઈ અંગે ચિંતા હોય તો યોગ્ય સમયે પરામર્શ લો. વ્યક્તિગત સ્વાસ્થ્યની સમજ, વૈજ્ઞાનિક મૂલ્યાંકન અને જવાબદાર તબીબી માર્ગદર્શન બાળકના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે. ■

sanjogpurti@gmail.com

લગભગ..લગું લગું અમથાલાલની આવી હાલત હતી



કેટલાક દિવસથી અભણ અમથાલાલની નિંદર ઊડી ગઈ હતી. એ રાત્રે સુઈ શકતાં નહોતાં અને દિવસે એને કોઈ સુવા દેતાં નહોતાં.

માણસ કરે તો કરે શું? માણસ ખાધાં વગર રહી શકે, કેટલાક કલાકો પાણી વગર પણ રહી શકે. (હમણાં એક માણસ શ્વાસ વગર પણ રહ્યો)પણ, સુતાં વગર માણસ લગભગ ગાંડો થઈ જાય છે.

લગભગ..લગું લગું અમથાલાલની આવી હાલત હતી.

બનેવીલાલ જાણકાર માણસ! એને ચહેરો વાંચતા આવડે. એણે જ અમથાલાલને ટોક્યા..

"અમથાલાલ ! આ શું હાલત કરી છે? આમને આમ તમે ગાંડા થઈ જાહો! નિંદર બિંદર કરો.!!"

"નિંદર તો મારેય કરવી છે. પણ આવે તો થાય ને."

"એટલે કેમ? કાંઈ દેણું -બેણું થઈ ગયું છે? કોઈના દહ ટકાના રૂપિયા લેવાઈ ગયાં છે? કે પછી, તમને કોઈએ ડિજીટલ એરેસ્ટ કર્યા છે??"

"ના ભાઈ ના, ડિજીટલ વાળાં ઉપર તો હું રાત રઉં એમ છવ. પણ, આ એ.આઈ.વાળાની ઉપાધી છે.

કેમ કેમ? એ.આઈ.વાળાએ તમને 'ય ઝપટમાં લઈ લીધાં કે શું!?"

"ના..આ..આ..! એવું તો હાવ નથી. પણ, જેવો એ.આઈ.ની ઝપેટમાં આવી ગયાં છે, અને કોઈ આવવાની તૈયારીમાં છે. એ લોકો મને સુવા નથી દેતાં."

"એટલે એ ઘરે આવીને તમારી ડેલી ખખડાવે છે?"

"ના..આ..આ..! મોબાઈલની ડેલી ખખડાવે છે."

"લો કર લો બાત.!! તમે મોબાઈલની 'ય ડેલી કરાવી લીધી!?"

"અરે ભાઈ, ઈ એની હારે જ આવે છે."

"તો..ઓ..! મારાં મોબાઈલને તો ડેલી કે ખડકી એકેય નથી."

"તમારાં મોબાઈલમાં રીંગ વાગે છે? "

"હા..આ..આ..! રીંગ તો વાગે છે."

"તો..ઓ..ઈ જ એની ડેલી. આપણે દરવાજે ડોરબેલ નથી રાખતાં!! " "તમેય તે શું અમથાલાલ! આવી મજાક કરો છો!?"



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"આ મજાક નથી. જ્યારથી 'લાગે તો તીર..'મા એ.આઈ.નો લેખ આવ્યો છે, ત્યારથી રાત્રે મને નિંદર નથી આવતી અને દિવસે પુછવા વાળા મોબાઈલમાં રીંગ ઉપર રીંગ વગાડે રાખે છે."

"હા પણ, એ તમને શું પુછે છે? અને તમે ક્યાં એ.આઈ.ના માલિક છો?"

"હવે તો માલિકે 'ય હાથ ધોઈ નાંખ્યા છે. આ એ.આઈ . એની કાબુ બહાર જઈ રહ્યું છે. (વંઠી ગયેલ બાયડીની જેમ) જેમ બિચ્ચારો ઘણી કાંઈ નથી કરી હકતો એમ એ.આઈ.ના માલિકે 'ય હથિયાર હેઠાં મૂકી દીધાં છે. આ એ.આઈ . શું કરશે? ક્યારે કરશે? અને કેટલું કરશે? ઈ એનેય ખબર નથી.× "પણ તમને શા માટે ફોન આવે છે?"

"બચાડા વખના માર્યા ફોન કરે છે. 'હલવાણી માતા ગરબે રમે' એવો ઘાટ થયો છે.

કાં તો એનાં છોકરાઓ એ.આઈ.ના ચક્કરમાં આવી ગયાં છે. અથવા જીવતી એ.આઈ.ની જાળમાં ફસાઈ ગયાં છે. હવે લેખ વાંચીને કોઈ સલાહ માંગે તો આપવી તો પડે ને..!!

એટલે હંધાયના ફોન આવ..આવ.. થયાં છે. આવાં હંધાયના ફોન આવે એટલે મને રાત્રે નિંદર નો આવે, અને એની 'ય બચાડાની નિંદર ઊડી ગઈ હોય. એટલે એ મને દિવસે ફોન કરે. એમ મારી તો બેય નિંદર બગડે ને..!!"

"આ વળી પાછું નવું લાયા તમે!! આ એ.આઈ. તો હમજ્યા, એ તો એક ખેપાની મશીન છે. પણ આ જીવતી એ.આઈ. ? ઈ વળી કેવી હોય??"

"તમે ઉંમર વટાવી ગયેલાં છોકરાવને પરણાવવા મહેનત કરો છો. કોઈ તમારી હામુ 'ય જોતું નથી. પછી તમે હું કરો છો? છોકરાને ડાળે વળગાવવા દલાલને ગોતો છો ને!?"

"હા પણ, છેલ્લો રસ્તો ઈ જ છે. પણ.. ,એનું કનેક્શન એ.આઈ. સાથે શું? ઈ તો હાવ અભણ જેવી જ હોય છે."

"ન્યા જ હંધાય મોટી ભૂલ કરે છે. ઈ અભણ જેવી નહીં. તમને અભણ માનીને આવે છે, અને તમને બલીનો બકરો બનાવે છે.

ઈ તો, એ.આઈ. જનરેટેડ જ હોય છે. લગ્ને લગ્ને કુંવારી હોય છે. વાતે વાતે મોટી/ખોટી હોય છે. ઉંમર લાયક હોય છતાં 'ય વીસની દેખાય છે. અને હૌથી મોટી વાત.. એનાં પેટમાં કાતી હોય છે, ઈ રગે -રગે ખોટી હોય છે. છતાં 'ય બહારથી ભોળી ભટાક બને છે. આ જીવતી જાગતી એ.આઈ.જ છે."

"હવે ઈ તો હમજાઈ ગયું પણ..છોકરાઓને પરણાવવા હવે કરવું શું?" "મારી પાંહે એક રસ્તો છે.""બોલો બોલો.., જટ બોલો..!! ઈ રસ્તો કાંટાળો હશે તોય હાલશે, પથરાળો હશે તોય હાલશે. પણ..એ.આઈ. વાળો નો હોવો જોઈએ."

"તમારાં છોકરાને તમારી કેટલી પેઢીના નામ આવડતાં હશે?"

"બે ત્રણ પેઢી આવડે તો આવડે. પણ એનું શું છે!?

લગનને અને એને શું લાગે વળગે??"

"પેલાં તમે એને સાત પેઢીનાં નામ ગોખાવો."

"પણ.., એનાથી શું થાહે?"

"પછી આપણે એને મધ્ય એશિયાનો એક દેશ છે. 'કઝાકિસ્તાન 'ન્યા મોકલી દેહું. ન્યા એવી એક પરંપરા છે કે, જે છોકરાને એની સાત પેઢીનાં નામ યાદ હોય એનાં લગન તરત જ થઈ જાય છે."

"એવું થોડું હોય..!?"

"હા..હા..! ન્યા એક પરંપરા છે, જેનું નામ છે, "જેટી આતા" પરંપરા. ન્યા હાત -હાત પેઢી સુધી સંબંધો જૂએ છે. અને આપણે ન્યા હાવ કરતાં હાવ ભુંહડીયો વળી ગ્યો છે. ભાઈ બહેન પણ લગન કરે છે. ■

kalubhaibhad123@gmail.com

ઘરે જ બનાવો સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ...મીઠાઈ (૧)



આગામી દિવાળી પર્વમાં ઘેર આવનારા સગાં-સંબંધી કે મહેમાનોને મીઠું મોં કરાવતી મીઠાઈની ખરીદીની ચિંતા સાથે એની ગુણવત્તા અને આરોગ્યપ્રદ હશે કે નહીં, તેની ચિંતા સતાવે છે. આટલી મોંઘી મીઠાઈ ખરીદ્યા પછી પણ જો એનો સ્વાદ, ગુણવત્તા કે તાજી ના હોય તો આરોગ્યને હાનિ પહોંચાડે છે ને ક્યારેક જીવલેણ પણ નિવડે છે. ત્યારે ગુણવત્તાયુક્ત સામગ્રી લાવી, તમે તમારા હાથે જ સ્વાદિષ્ટ અને તાજી મીઠાઈ બનાવી સગાં-સંબંધી કે મહેમાનોનું મોં મીઠું કરાવી સંબંધની ગરિમા જાળવી શકો છો.

(૧) કોકોનટ પેંડા

- સામગ્રી: દૂધ-૨ કપ, સાકર-અર્ધો કપ, સૂકા નાળિયેરનો બારીક ભૂકો-૨ કપ, મિલ્ક પાઉડર-૧ કપ, ઘી-૧ ચમચી, ઈલાયચી પાઉડર-૨ નાની ચમચી.

- રીત: (૧) એક કઢાઈમાં દૂધને ગેસ પર હલકું ગરમ કરી લો. (૨) પછી તેમાં સાકર મેળવી તે ઓગળે પછી નાળિયેરનો ભૂકો મેળવો. (૩) દરમિયાન ઝારા કે ચમચાથી દૂધને સતત હલાવતાં રહો. (૪) મિશ્રણમાંનું દૂધ બરાબર સૂકાઈ જાય એટલે ગેસની આંચ ધીમી કરી તેમાં મિલ્ક પાઉડર મેળવો અને ચમચાથી ઝડપથી એકરસ મેળવી દો. (૫) મિલ્ક પાઉડર બરાબર ભળી જાય એટલે એમાં ઘી મેળવી એકાદ મિનિટ ફરી હલાવીને ઈલાયચી પાઉડર ભેળવો અને ગેસ બંધ કરી દો. (૬) મિશ્રણ થોડું ઠંડું પડે એટલે તેમાંથી પેંડા વાળવા માટે ગોળો હાથમાં લઈ ચપટો ગોળાકાર પેંડો બનાવી લો. ગોળો વાળતી વખતે કિનારી થોડી ફાટી શકે. તેથી કાળજીપૂર્વક ગોળો વાળો. ત્યાર પછી એક થાળીમાં નાળિયેરનો ભૂકો લઈ તેમાં રગદોળી બીજી થાળીમાં ગોઠવી દરેક પેંડા પર પિસ્તાનું કતરણ ગોઠવી, તેના પર કેસરનો તાંતણો કે બદામનું કતરણ ગોઠવો. આ પેંડા ત્રણેક દિવસ સુધી બહાર સારાં રહેશે.જો ફ્રિજમાં રાખશો તો અઠવાડિયા સુધી સારાં રહેશે.

(૨) મગ દાળની બરફી

- સામગ્રી: મગની દાળ-૨ કપ, દૂધ-૨કપ, ઘી-૧ કપ, દૂધનો મોળો માવો-૧ કપ, ઈલાયચી પાવડર- ૧ નાની ચમચી,

કાજુ-પિસ્તાનું કતરણ-અર્ધો કપ, ચાંદીનું વરખ.

- રીત: (૧) મગની દાળને ૩-૪ પાણીથી ધોઈ પાણી નિતારી સ્વચ્છ કૂકરમાં નાખી, તેમાં ૨ કપ દૂધ મેળવો. (૨) કૂકરને બરાબર બંધ કરી ગેસની ધીમી આંચે ૩-૪ મિનિટ ગરમ થવા દો. પછી ગેસની આંચ ધીમી કરી કૂકરની ૨-૩ સીટી વાગે એટલે ગેસ બંધ કરી દો. (૩) કૂકર ઠંડું પડે એટલે ઢાંકણું ખોલીને ચેક કરી લો. દાળ ચઢી જાય એટલે એક સ્ટીલની ચાળણીમાં દાળ નાખી ચાળણીને એક બાઉલની ઉપર ગોઠવી દો. આ મગની દાળને વાટકીના તળિયાથી વાટી લો. દાળ વાટતી વખતે ચાળણીમાંથી દાળ નીચે બાઉલમાં ભેગી થશે. (૪) દાળ સ્ટીલની ચાળણીમાં ચાળી લીધા બાદ એક કઢાઈમાં ૧ કપ ઘી ગરમ કરી, તેમાં વાટેલી દાળ ઉમેરી, ચમચા વડે હલાવતાં રહો. ગેસની આંચ મધ્યમ રાખો, દાળનું મિશ્રણ સહેજ સૂકું થવા આવે એટલે તેમાં મોળો માવો ઉમેરી મિશ્રણ ચારવતાં રહો.તે સરખું મિક્સ થઈ જાય એટલે ગેસ બંધ કરો. (૫) બીજી બાજુ ગેસ ઉપર એક વાસણમાં સાકર અને પાણી મેળવી ગેસની મધ્યમ આંચે એકતારી ચાસણી તૈયાર કરો. (૬) આ ચાસણી મગની દાળના મિશ્રણમાં મેળવીને ગેસ ચાલુ કરી ધીમી આંચે ચમચાથી મિશ્રણને હલાવતાં રહી મિશ્રણ એકરસ થઈ ઘટ્ટ થવા આવે એટલે ૨ ચમચી ઘી મેળવી બે મિનિટ ગેસ પર થવા દઈ ગેસ બંધ કરી દો. (૭) એક થાળી કે ટ્રેમાં ઘી લગાડો. પછી દાળનું ઘટ્ટ મિશ્રણ તેમાં રેડીને ફેલાવી દો.તેની ઉપર ચાંદીનું વરખ લગાડી કાજુ-પિસ્તાનું કતરણ ભભરાવીને સહેજ પ્રેશ કરી, બરફી ઢાંકીને રાત રહેવા દો. સવારે બરફી જામી જાય એટલે ચપ્પાથી ચોસલા પાડી ખાવ.

(૩) રવા બિસ્કિટ

- સામગ્રી: અતિ બારીક રવો-૩ કપ, ઘઉંનો લોટ-૧ કપ, ચણાનો લોટ-૪ ચમચી, દળેલી ખાંડ-૧ કપ, બેકિંગ સોડા- ૧ નાની ચમચી, ઠંડું જામેલું દેશી ઘી- અર્ધો કપ, હૂંફાળું ગરમ દૂધ-૨ કપ, મીઠું-ચપટી, તેલ-તળવા માટે.

- રીત: (૧) એક મોટા બાઉલમાં ઘી લો, આ ઘી જામેલું જ હોવું જોઈએ. (૨) તેમાં સાકર અને હૂંફાળું દૂધ મેળવી જેરણીથી થોડીવાર બરાબર મિક્સ કરો, જેથી સાકર સારી રીતે ઓગળી જાય. (૩) પછી તેમાં રવો ઉમેરી વાસણ ઢાંકી રાખી, ૫-૧૦ મિનિટ માટે રહેવા દો. (૪) ૧૦ મિનિટ પછી રવો ફૂલવાથી મિશ્રણ થોડું ઘટ્ટ થઈ જશે, જો કે તે પાતળું હશે, તેથી તેમાં થોડો ઘઉંનો લોટ ઉમેરતાં જઈ નરમ લોટ બાંધી લો. (૫) બાંધેલા લોટમાંથી નાના લૂવા લઈ ચપટા ગોળાકાર આપી એક થાળીમાં ગોઠવો. (૬) પછી કઢાઈમાં તેલ ગરમ કરવા મૂકો, તેલ વધુ ગરમ ના થવા દો. તેલ થોડું ગરમ થવા આવે એટલે ગેસની આંચ ધીમી કરી બિસ્કિટ માટે વાળેલા ગોળા હળવેથી કઢાઈમાં નાખો. ગોળા નીચેથી સોનેરી રંગના થવા આવે પછી જ ઉથલાવો. બંને બાજુથી સોનેરી રંગના થાય એટલે ઝારા વડે તેલ નિતારીને બિસ્કિટ કાઢી લો. બિસ્કિટ તૈયાર છે, હવે ચા સાથે પીરસો.

(૪) માવા મિલ્ક સ્વીટ

- સામગ્રી: માવો-૨૫૦ ગ્રામ, દૂધ ૧-લિટર, સાકર-૨ કપ, કેસરના તાંતણા-૧૦-૧૫ નંગ, સૂકા મેવાનું કતરણ- અર્ધો કપ.

- રીત: (૧) એક તપેલીમાં ૧ કપ સાકર લઈ તેમાં ૪-૫ કપ પાણી ઉમેરીને ગેસ પર ઉકળવા માટે મૂકો. (૨) માવાને થાળીમાં લઈ હથેળીથી મસળીને થોડો નરમ કરી લો. તેમાંથી નાના લંબગોળ કે ચપટા ગોળ ગોળા વાળી ચાસણીમાં નાખીને ઉકળવા દો. (૩) તેને ૨૦ મિનિટ ઢાંકીને ઉકળવા દો, દર પાંચ મિનિટે ઢાંકણ ખોલી ચમચા વડે ગોળાને ઉથલાવતા રહો. પછી તેને ઝારા વડે ચાસણી ગાળી એક વાસણમાં કાઢી લો. (૪) એક કઢાઈમાં દૂધ ગરમ કરવા મૂકો. દૂધ ઉકળે એટલે એમાં ૧ કપ સાકર મેળવી ગેસની મધ્યમ આંચે દૂધને ઉકાળો. વચ્ચે વચ્ચે ઝારાથી દૂધને હલાવતાં રહો. (૫) દૂધનું પ્રમાણ અડધું થઈ ઘટ્ટ થાય એટલે ગેસને બંધ કરી દો. (૬) થોડીવાર બાદ આ ઘાડી મલાઈને પ્લેટમાં કાઢેલા મલાઈ ચોપ પર રેડી તેને ઢાંકી રાખો, એકાદ-દોઢ કલાક માટે ફ્રીજમાં મૂકી રાખો. (૭) ઠંડા થયા બાદ તેના ઉપર કેસર અને સૂકામેવાનું કતરણ ભભરાવી સર્વ કરો.

(૫) સામાનો ફરાળી હલવો

- સામગ્રી: સામો-૧ કપ, દૂધ-૩ કપ, ઘી-૫ ચમચી, કાજુ-બદામના નાના ટુકડા- અર્ધો કપ, ઈલાયચી પાઉડર- ૧ ચમચી, ખાંડ- જોઈતા પ્રમાણમાં, કિસમિસ-૧ ચમચી, સૂકા નાળિયેરનું કતરણ- ૪-૫ ચમચી.

- રીત: (૧) સામાને મિક્સીમાં કરકરો દળી લો.(જો સામો દળવો ના હોય તો ધોઈને આખો સામો દૂધમાં પલાળી શકાય)

(૨) એક બાઉલમાં સામો લઈ તેમાં દૂધ ઉમેરી અડધો કલાક ઢાંકીને રાખી મૂકો. (૩) એક કઢાઈમાં ૪ ચમચી ઘી ગરમ કરી તેમાં ડ્રાય ફ્રૂટના ટુકડા સાંતળી લો. (૪) કિસમિસ અને નાળિયેરનું કતરણ ઉમેરી એકાદ મિનિટ બાદ તરત કાઢી લો. (૫) પછી ઘીમાં ખાંડ ઉમેરી ગેસની મધ્યમ આંચે ખાંડને ઓગળવા દો. ખાંડ બરાબર ઓગળીને ચોકલેટી રંગની થવા આવે એટલે ગેસ બંધ કરી દો. અને તેમાં દૂધમાં પલાળેલો સામો અને દૂધ મેળવી દો. (૬) પછી, ગેસ ચાલુ કરી તેની આંચ ધીમી રાખો. (૭) ચમચાથી મિશ્રણને હલાવીને એકરસ કરી દો. (૮) હવે કઢાઈનું ઢાંકણ ઢાંકી ગેસની આંચ ધીમી રાખી સામાને ચઢવા દો. ૬-૭ મિનિટ બાદ ઢાંકણ ખોલી ચમચા વડે હલાવીને ઢાંકી દો. ૨-૨ મિનિટે ઢાંકણ ખોલી ચમચા વડે હલાવતાં રહો. (૯) મિશ્રણ ઘટ્ટ થવા આવે એટલે તેમાં ડ્રાય ફ્રૂટના ટુકડા, ઈલાયચી પાઉડર, કિસમિસ અને નાળિયેરનું કતરણ ઉમેરી ફરીથી ઢાંકીને થવા દો. (૧૦) બાકીની બધું ઘી તેમાં મેળવી એકાદ મિનિટ બાદ ગેસ બંધ કરી, ઢાંકી રાખો. થોડીવાર પછી આ ફરાળી હલવો પીરસો. (બીજી મીઠાઈ આવતા બુધવારે..) ■

વાનગી વૈવિધ્ય
નિરાલી પંચાલ

sanjogpurti@gmail.com

કક્કુનું ઘર!



એક ઘરમાં એક નાનકડો કરોળિયો રહેતો હતો. તેનું નામ હતું કક્કુ

કક્કુને ઊંચે ઊંચે ચડીને જાળું બનાવવું બહુ ગમે. એક દિવસ તેણે ઘરના એક ખૂણામાં નજર કરી. - "અરે વાહ! આ ખૂણો તો એકદમ સરસ છે! અહીં હું મોટું જાળું બનાવીશ. માખીઓ પણ આવશે, મચ્છરો પણ આવશે. પછી તો મારે ખાવાની મજા જ મજા!" આટલું વિચારીને ટપુડો ખુશ થઈ ગયો.

પણ એક મુશ્કેલી હતી. ખૂણો હતો બહુ ઊંચે! કક્કુએ પોતાના આઠેય પગ સરખા કર્યા અને બોલ્યો, "ચાલો ભાઈ, કામે લાગી જાઓ!" તે ધીમે ધીમે દીવાલ પર ચડવા લાગ્યો.

'ચડ... ચડ... ચડપ'

હજુ થોડે જ ઉપર ગયો હશે ત્યાં તેનો પગ લપસ્યો. - ધબ્બાક!

કક્કુ પડ્યો અને સીધો આવ્યો નીચે! - "ઓય મા! આ દીવાલ તો બહુ લપસણી છે!" તે બોલ્યો.

નીચે બેઠેલી કીડી હસીને બોલી, "કક્કુ, તું જાળું બનાવવા જાય છે કે કસરત કરવા?"

કક્કુએ મોઢું ચડાવ્યું. - "હસે છે શું? જોતી રહેજે! હું આજે ઉપર પહોંચીને જ રહીશ."

તે ફરીથી ચડવા લાગ્યો. - 'ચડ... ચડ... ચડપ'

આ વખતે તે થોડો વધારે ઉપર પહોંચ્યો.

"વાહ! હવે તો મારું જાળું પાક્કું!"

પણ અચાનક તેના પગ ફરી લપસ્યા. તે ફરી પડ્યો. - 'સરરર... ધપ્પ!'

કક્કુ ઊભો થયો. તેણે પોતાના પગ ખંખેર્યા અને બોલ્યો, "અરે રે! આ દીવાલ પર સીડી કેમ નથી બનાવી રાખી?"

કીડી બોલી, "તારે જાળું બનાવવું છે કે સીડી બનાવવી છે?"

કક્કુ કંઈ બોલ્યો નહીં. બસ, ફરીથી ચડવા લાગ્યો. - 'ચડ... ચડ... ચડપ'

એટલામાં ઘરમાં એક નાનું પતંગિયું આવી ગયું અને બોલ્યું, "કક્કુ, તું વારંવાર ઉપર ચડે છે અને નીચે પડે છે. તને ચક્કર નથી આવતાં?" પતંગિયાએ પૂછ્યું.

કક્કુ બોલ્યો, "મારે ઊંચે જાળું બનાવવું છે. ત્યાં જીવડાં આવશે અને મને ખાવાનું મળશે!"

પતંગિયું હસીને બોલ્યું, "પણ ભાઈ, ખાવાનું મેળવવા માટે પહેલાં ઉપર તો પહોંચ!"

કક્કુએ કહ્યું, "હું એ જ તો પ્રયત્ન કરું છું!"

આ વખતે કક્કુએ ઉતાવળ ન કરી. તેણે દીવાલને ધ્યાનથી જોઈ. પછી ધીમે ધીમે એક પગ આગળ મૂક્યો, બીજો પગ મજબૂત રીતે ગોઠવ્યો અને આગળ વધ્યો. - 'ચડ... ચડ... ચડપ'

થોડું ઉપર...

હજુ થોડું ઉપર...

અને આખરે...

કકક પહોંચી ગયો ઊંચા ખૂણામાં!

"હુરરરરે! હું પહોંચી ગયો! હું પહોંચી ગયો!" તે ખુશીથી નાચવા લાગ્યો.

હવે કક્કુએ પોતાનો રેશમી તાંતણો કાઢ્યો. એક બાજુ બાંધ્યો, બીજી બાજુ બાંધ્યો. પછી ગોળ ગોળ ફરવા લાગ્યો.

"ગોળ-ગોળ ફરતો જાઉં,

ઝીણો તાંતણો વણતો જાઉં,

મારા ઘરનું જાળું બનાવતો જાઉં!"

થોડી જ વારમાં સુંદર જાળું તૈયાર થઈ ગયું. બીજા દિવસે એક નાનકડી માખી જાળાની નજીક આવી. કક્કુની આંખો ચમકી ઊઠી. - "અરે વાહ! મારી મહેનત રંગ લાવી!"

પણ માખી જાળામાં ફસાય એ પહેલાં જ ઊડી ગઈ.

કક્કુ બોલ્યો, "અરે! આ માખી તો આવીને ગઈ! લાગે છે મને ચીડવીને ગઈ!"



રે વાર્તા!
મનીષ સુથાર

પછી એક નાનકડું મચ્છર જાળાની નજીક આવ્યું. કક્કુ સાવધાન થઈ ગયો. આ વખતે તેણે ધીરજ રાખી. આખરે મચ્છર જાળામાં ફસાયું. કક્કુને ખાવાનું મળ્યું અને તે ખુશ થઈ ગયો.

કીડી બોલી, "કક્કુજી, આજે તો તમને પાર્ટી મળી પાર્ટી!"

કક્કુ હસીને બોલ્યો, "હા! પણ પહેલાં હું કેટલી વાર પડ્યો એ તો તું ભૂલી જ ગઈ!"

બધાં ખડખડાટ હસી પડ્યાં. ■

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

ભારતનો જીડીપી વૃદ્ધિદર ૨૦૨૬-૨૭માં ૭ ટકા રહેવાનો IMFએ સંભાવના વ્યકત કરી

નવી દિલ્હી, તા.૧૩



આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (આઈએમએફ)એ ભારતના આર્થિક વિકાસ અંગેનો અંદાજ વધારીને ૨૦૨૬ અને ૨૦૨૭માં જીડીપી વૃદ્ધિદર ૭ ટકા રહેવાની શક્યતા વ્યક્ત કરી છે. સ્થાનિક માંગમાં વધારો અને સેવા ક્ષેત્રના સારા પ્રદર્શનને આ વૃદ્ધિનાં મુખ્ય કારણો ગણાવાયાં છે. આઈએમએફના અહેવાલ મુજબ, ૨૦૨૬ માટેનો વૃદ્ધિદરનો અંદાજ અગાઉના ૬.૪ ટકાથી વધારીને ૭ ટકા કરવામાં આવ્યો છે.

૨૦૨૭ માટે પણ ૭ ટકા વૃદ્ધિનો અંદાજ છે. મજબૂત સ્થાનિક બજાર, યુવા વસ્તી અને આર્થિક સુધારા ભારતની વિકાસસંભાવનાઓને ટેકો આપી રહ્યાં છે. બીજી તરફ, વૈશ્વિક અર્થતંત્રનો વૃદ્ધિદર ૨૦૨૬માં ૩.૧ ટકા અને ૨૦૨૭માં ૩.૪ ટકા રહેવાની ધારણા છે. ચીનનો વૃદ્ધિદર આ વર્ષમાં ૪.૫ ટકા અને આગામી વર્ષે ૪ ટકા રહેવાનો અંદાજ છે. જોકે, ફૂડ ઓઈલના ઊંચા ભાવ ભારત માટે જોખમરૂપ બની શકે છે. તેનાથી આયાત ખર્ચ અને મોંઘવારીમાં વધારો થવાની શક્યતા છે. વૈશ્વિક અનિશ્ચિતતા પણ આર્થિક વિકાસને અસર કરી શકે છે.

ગાંધીનગરમાં મેયર પદ માટે ભાજપમાં ચર્ચા તેજ, ઓબીસી વર્ગના બે દાવેદારોનાં નામ મોખરે

ગાંધીનગર, તા.૧૪



ગાંધીનગર મહાનગરપાલિકામાં ભાજપની જીત બાદ હવે મેયરપદને લઈને પક્ષમાં ચર્ચાઓ તેજ બની છે. પ્રથમ અઢી વર્ષ માટે ઓબીસી વર્ગના ઉમેદવારને મેયર બનાવવાની શક્યતા વચ્ચે વોર્ડ નંબર-૧ના મહેશ ચૌધરી અને વોર્ડ નંબર-પના કનુભાઈ દેસાઈનાં નામ ચર્ચામાં છે. મળતી માહિતી મુજબ, મેયરપદ માટે મહેશ ચૌધરીનું નામ હાલ મોખરે હોવાનું મનાય છે. તેઓ બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા છે અને ગાંધીનગરના અગ્રણી શિક્ષાપત્રી ગ્રુપ સાથે જોડાયેલા હોવાનું જાણવા મળે છે. બીજી તરફ, કનુભાઈ દેસાઈ પણ મેયરપદના દાવેદાર તરીકે ચર્ચાઈ રહ્યા છે. તેઓ અગાઉ ભાજપના સંગઠનમાં મહામંત્રી તરીકે જવાબદારી નિભાવી ચૂક્યા છે. સંગઠન ક્ષેત્રનો તેમનો અનુભવ પસંદગીમાં મહત્ત્વનો બની શકે છે. હાલ બંને નામોને લઈને ભાજપમાં ચર્ચા ચાલી રહી છે. જોકે, મહેશ ચૌધરી મેયર બને તેવી શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. અંતિમ નિર્ણય ભાજપનું મોવડીમંડળ લેશે. ગાંધીનગરના પ્રથમ અઢી વર્ષના મેયર તરીકે કોની પસંદગી થાય છે તે આગામી દિવસોમાં સ્પષ્ટ થશે.

માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટની રાહત, ટ્રાયલ પર રોક

નવી દિલ્હી, તા.૧૩



લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને માનહાનિના કેસમાં સુપ્રીમ કોર્ટ તરફથી રાહત મળી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અંગેની કથિત ટિપ્પણીઓ સાથે જોડાયેલા કેસમાં કોર્ટે નીચલી અદાલતની ટ્રાયલ પર વચગાળાનો સ્ટે મૂક્યો છે. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ અપરેશ કુમાર સિંહની બેન્ચે રાહુલ ગાંધીની અરજી પર સંબંધિત પક્ષકારોને નોટિસ પાઠવી ચાર અઠવાડિયામાં જવાબ માંગ્યો છે. આ કેસ વર્ષ ૨૦૧૮માં રાફેલ ફાઈટર જેટ સોદા અંગે કરવામાં આવેલી કથિત ટિપ્પણીઓ સાથે સંબંધિત છે. મતદાર યાદીઓના વિશેષ સઘન પુનરીક્ષણના મુદ્દે પણ સરકાર અને ચૂંટણી પંચ સામે વિરોધ નોંધાવી રહ્યા છે.

૬ રાજ્યોમાં નવા રાજ્યપાલોની નિમણૂક, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા કરાઈ જાહેરાત

નવી દિલ્હી, તા.૧૩



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ છ રાજ્યોમાં રાજ્યપાલોની નિમણૂક અને ફેરબદલની જાહેરાત કરી છે. આ નિર્ણય અનુસાર, ઓમ પ્રકાશ માથુરને કેરળ, રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરને તમિલનાડુ, દુષ્યંત ગૌતમને સિક્કિમ, બ્રિજ મોહન રામને ઓડિશા, ડૉ. સુધા યાદવને કર્ણાટક અને ધલ સિંહ બિસેનને ઉત્તરાખંડના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિમણૂકો સાથે વિવિધ રાજ્યોમાં રાજભવનની જવાબદારીઓમાં ફેરફાર થશે. ઓમ પ્રકાશ માથુર અગાઉ સિક્કિમના રાજ્યપાલ હતા, જ્યારે રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર કેરળના રાજ્યપાલ તરીકે સેવા આપતા હતા. બ્રિજ મોહન રામ ઓડિશામાં હરિ બાબુ કંભમપતિનું સ્થાન લેશે. ડૉ. સુધા યાદવ કર્ણાટકમાં થાવરચંદ ગેહલોતનું સ્થાન સંભાળશે. તેઓ આ પદે નિયુક્ત થનાર બીજા મહિલા રાજ્યપાલ બનશે. ધલ સિંહ બિસેન ઉત્તરાખંડમાં નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ ગુરમીત સિંહનું સ્થાન લેશે. ભાજપના ભૂતપૂર્વ રાષ્ટ્રીય મહાસચિવ અને રાજ્યસભાના ભૂતપૂર્વ સાંસદ દુષ્યંત ગૌતમને સિક્કિમની જવાબદારી સોંપવામાં આવી છે. આ નિમણૂકોનો હેતુ વિવિધ રાજ્યોમાં બંધારણીય હોદ્દાઓની જવાબદારીઓનું પુનર્ગઠન કરવાનો છે.

ધોરાજીમાં 'ઘર ઘર સ્વદેશી, હર ઘર સ્વદેશી' શોપિંગ ફેસ્ટિવલનો પ્રારંભ

ધોરાજી,તા.૧૩



ધોરાજી ખાતે તા. ૧૨થી ૨૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી 'ઘર ઘર સ્વદેશી, હર ઘર સ્વદેશી' શોપિંગ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. જેતપુર રોડ પર આવેલા લેઉવા પટેલ સાંસ્કૃતિક ભવનમાં યોજાયેલા મેળાનું આયોજન ધોરાજી નગરપાલિકા, શહેરી વિકાસ વિભાગ અને ગુજરાત શહેરી આજીવિકા મિશનના સહયોગથી કરાયું છે. મેળામાં સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા વિવિધ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. ચીફ ઓફિસર મુકેશ વાઘેલા, પ્રમુખ પાયલબેન ધોળકિયા, ઉપપ્રમુખ ચિન્ટુભાઈ કોયાણી સહિતના પદાધિકારીઓ અને ભાજપના આગેવાનોએ સ્ટોલની મુલાકાત લઈ માહિતી મેળવી હતી.

અજિત ડોભાલે ઈરાનના સુરક્ષા અધિકારી સાથે પશ્ચિમ એશિયાની સ્થિતિ અંગે ચર્ચા કરી


નવી દિલ્હી, તા.૧૩



રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે ઈરાનના સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના સેક્રેટરી મોહસેન રેઝાઈ સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. ઈરાની દૂતાવાસના જણાવ્યા અનુસાર, બંનેએ પશ્ચિમ એશિયાની સુરક્ષા સ્થિતિ, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય ઘટનાઓ તથા પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. જોકે, ભારત સરકાર તરફથી સત્તાવાર નિવેદન જારી કરાયું નથી. અહેવાલો અનુસાર, સાઉદી અરેબિયા પરના હુમલાઓ અને નાગરિકોની સુરક્ષાનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો હતો. ભારતે નાગરિકો તથા નાગરિક માળખાં પરના હુમલાઓની નિંદા કરી છે. દરમિયાન, હોર્મુઝ સ્ટ્રેટમાં ભારતીય ખલાસીઓની સુરક્ષા અંગે પણ ચિંતા વધી છે. અહેવાલો મુજબ, એમટી પેટ્રો ડોલ્ફિન નામના જહાજ પરના હુમલા બાદ બે ભારતીય ખલાસીઓ ગુમ થયા હોવાની માહિતી છે. અન્ય જહાજ એમટી વાલ્થેરા પર આગ લાગવાની ઘટના બની હતી.

મધ્યપ્રદેશમાં ઓબીસી અનામતનો વિવાદ વકર્યો, ૨૭ ટકા અનામત માટે સરકાર સુપ્રીમ કોર્ટમાં જશે

ભોપાલ, તા.૧૩



મધ્યપ્રદેશમાં અન્ય પછાત વર્ગો (ઓબીસી) માટે ૨૭ ટકા અનામતનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. જબલપુર હાઇકોર્ટે ૨૦૧૯ના કાયદાને ગેરબંધારણીય જાહેર કર્યા બાદ મુખ્યમંત્રી મોહન યાદવની સરકાર સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાની તૈયારી કરી રહી છે. મુખ્યમંત્રી મોહન યાદવે નવી દિલ્હીમાં સોલિસિટર જનરલ તુષાર મહેતા અને રાજ્યના એડવોકેટ જનરલ પ્રશાંત સિંહ સાથે બેઠક યોજી હતી. બેઠકમાં હાઇકોર્ટના નિર્ણયની કાનૂની અસરો અને આગળની કાર્યવાહી અંગે ચર્ચા કરવામાં આવી હતી. સરકાર વચગાળાની રાહત મેળવવાનો પ્રયાસ પણ કરી શકે છે. દરમિયાન, કોંગ્રેસે સરકારની કામગીરી સામે સવાલ ઉઠાવ્યા છે. વિપક્ષના નેતા ઉમંગ સિંઘારે ઓબીસી અનામતના મુદ્દે વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવવાની માંગ કરી છે. કોંગ્રેસનો આરોપ છે કે ભાજપ સરકારે ઓબીસી સમુદાયના હિતોનું યોગ્ય પ્રતિનિધિત્વ કર્યું નથી, જ્યારે ભાજપે અગાઉના કાયદાની કાનૂની નબળાઈઓનો ઉલ્લેખ કર્યો છે.

કોડીનારના લાલકવાડી વિસ્તારમાં એલસીબીના દરોડામાં એક લાખના દારૂ સાથે શખ્સ ઝડપાયો

ગીર સોમનાથ,તા.૧૩



ગીર સોમનાથ એલ. સી.બી. અને પેરોલ ફર્લો સ્કવોડે કોડીનારના લાલકવાડી વિસ્તારમાં દરોડો પાડી ૫૪૪ બોટલ વિદેશી દારૂ અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૧,૦૦,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે આ કાર્યવાહી દરમિયાન ભીખાભાઈ ઉર્ફે ડેલીવાળો નથુભાઈ ચુડાસમાને ઝડપી પાડ્યો હતો, જ્યારે અન્ય આરોપી દિલીપભાઈ જીણાભાઈ કામળીયા ફરાર હોવાથી તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. એ લ.સી.બી.ની ટીમે જપ્ત કરેલા મુદ્દામાલમાં રૂ. ૯૬,૫૦૦ નો વિદેશી દારૂ અને રૂ. ૪,૦૦૦નો મોબાઈલ ફોન સામેલ છે.

વેરાવળ એસ.ટી. ડેપો ખાતે ગ્રામ હાટનું કરાયું લોકાર્પણ

ઉના, તા.૧૩

વેરાવળ એસ.ટી. ડેપો ખાતે રાજ્યસભાના સાંસદ માનસિંહભાઈ પરમારની ઉપસ્થિતિમાં ગ્રામ હાટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગ્રામ વિકાસ વિભાગના સહયોગથી સ્વસહાય જૂથની બહેનોને પોતાના ઉત્પાદનોના વેચાણ માટે ગ્રામ હાટ ફાળવવામાં આવ્યાં છે. જેના કારણે ગ્રામ્ય વિસ્તારની મહિલાઓને યોગ્ય બજાર મળવાની સાથે આવક વધારવાની તક મળશે. આ પ્રસંગે વેરાવળ-બગદાણા રૂટની બસને મહાનુભાવોના હસ્તે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવી હતી. કાર્યક્રમમાં નાથીબહેન વાજા, ડૉ. બી.બી. ડાંગર, ડેપો મેનેજર દિલીપ શામળા સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ અને સ્વસહાય જૂથની બહેનો ઉપસ્થિત રહ્યા હતાં.

ધોરાજી એસ.ટી. ડેપો ખાતે માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ધોરાજી,તા.૧૩



વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ નિમિત્તે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની ધોરાજી શાખા દ્વારા એસ.ટી. ડેપો ખાતે કર્મચારીઓ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં માનસિક તણાવની અસરો સમજાવી મોબાઈલ વ્યસન અને અકસ્માત નિવારણ અંગે માર્ગદર્શન અપાયું હતું. માતા-પિતા બાળકોની સરખામણી ન કરે અને સહાનુભૂતિ રાખે તેવો સંદેશ આપ્યો હતો. ડેપો મેનેજર પી. એલ. ડાંગર સહિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ચલાલા રામાનંદી સાધુ સમાજની તેજસ્વી પીએસઆઇ દીકરીનું જામનગરમાં વિશિષ્ટ સન્માન

ચલાલા,તા.૧૩



ચલાલા રામાનંદી સાધુ સમાજની તેજસ્વી દીકરી અને પીએસઆઇ તરીકે પ્રશંસનીય કામગીરી કરી રહેલાં દેવલબેન દેવમોરારીનું જામનગરમાં ટાઉનહોલ ખાતે યોજાયેલા રામાનંદી સાધુ સમાજ ગૌરવ પુરસ્કાર–૨૦૨૬ તથા સરસ્વતી સન્માન સમારોહમાં વિશિષ્ટ સન્માન કરાયું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત રાજકીય આગેવાનો, સંતો-મહંતો અને રાજ્યભરના સમાજના પ્રમુખોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સમારોહમાં દેવલબેનનું સન્માન સમગ્ર ચલાલા પંથક માટે ગૌરવની ક્ષણ બની રહ્યું હતું. બાલાબાપુ દેવમોરારીનાં ભત્રીજી અને હરીદર્શન ટ્રાવેલ્સના વજુભાઈ દેવમોરારીનાં પુત્રી દેવલબેન પોલીસમાં પ્રશંસનીય કામગીરીથી સમાજની દીકરીઓ માટે પ્રેરણારૂપ બન્યાં છે. કાર્યક્રમનું સંચાલન પ્રિન્સભાઈ રામાવતે કર્યું હતું. દેવલબેનને આ સિદ્ધિ બદલ દાન મહારાજની જગ્યાના લઘુમહંત તથા અમરેલી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીરબાપુ ભગત, ધારાસભ્ય જે.વી. કાકડિયા, ચલાલા નગરપાલિકાના પ્રમુખ જયરાજભાઈ વાળા, ભૈલુભાઈ વાળા, હિંમતભાઈ દોંગા, ગીતાબેન કારીયા, પ્રકાશભાઈ કારીયા, પ્રવીણભાઈ માલવિયા, ઘનશ્યામભાઈ કાથરોટિયા, બાલાબાપુ દેવમોરારી વગેરે અભિનંદન પાઠવ્યા હતા.

પાકિસ્તાનમાં રહેમાન બાબા એક્સપ્રેસના ૧૪ ડબ્બા પાટા પરથી ઉતરતા ૬ના મોત

લાહોર,તા.૧૩



પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં કરાચીથી પેશાવર જતી 'રહેમાન બાબા એક્સપ્રેસ' મુલ્તાનના શેરશાહ બ્રિજ પાસે પાટા પરથી ઊતરી ગઈ હતી. આ ભયાનક અકસ્માતમાં ૬ મુસાફરોના મોત થયા છે અને આશરે ૩૦ લોકો ઘાયલ થયા છે. ટ્રેનના ૧૪ ડબ્બા ખડી ડતાં બચાવ કામગીરી હાથ ધરી ઘાયલોને હોસ્ટિલ પહોંચાડવામાં આવ્યા છે. વડાપ્રધાન શાહબાઝ શરીફે દુ:ખ વ્યક્ત કરી તપાસના આદેશ આપ્યા છે.

CHANGE OF NAME

I Undersign I KHETI MASUMABEN GULAMABASBHAI have changed my name from KHETI MASUMABAI GULAMABBAS To KHETI MASUMABEN GULAMABASBHAI (New) Now i will be known as KHETI MASUMABEN GULAMABASBHAI (new)
Sign : KHETI MASUMABEN GULAMABASBHAI
Address: NAVI VOHRAVAD HARI ROAD, AT-AMRELI, DIST-AMRELI-365601 GUJARAT INDIA

ગાંધીનગર મનપા ચૂંટણીમાં ૧૧ વોર્ડના ૪૪ બેઠકોના પરિણામો જાહેર થયા

ભાજપને ૩૮, કોંગ્રેસને ૫ અને ૧ બેઠક અપક્ષને ફાળે, આપના સુપડા સાફ

ગાંધીનગર, તા.૧૩

મહાનગરપાલિકાની ચૂંટણીની મતગણતરી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને ચૂંટણીનું ચિત્ર હવે સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ ગયું છે. ગાંધીનગરની જનતાએ પોતાના મતો દ્વારા નેતૃત્વની પસંદગી કરી લીધી છે, જેમાં ભારતીય જનતા પાર્ટીએ પ્રચંડ બહુમતી સાથે ફરી એકવાર પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. જ્યારે મુખ્ય વિરોધ પક્ષ તરીકે કોંગ્રેસ પોતાની હાજરી નોંધાવવામાં સફળ રહી છે અને આમ આદમી પાર્ટીનો સંપૂર્ણ સુપડા સાફ થઈ ગયો છે.ગાંધીનગર મનપાની ૧૧ વોર્ડની કુલ ૪૪ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીના પરિણામોમાં ભાજપે ભવ્ય અને શાનદાર પ્રદર્શન કર્યું છે. કુલ ૪૪ બેઠકોમાંથી ભાજપે ૩૮ બેઠકો પર વિજય મેળવીને સત્તા પર પકડ મજબૂત બનાવી છે. બીજી તરફ કોંગ્રેસે ૫ બેઠકો પર જીત મેળવીને પોતાનું અસ્તિત્વ જાળવી રાખ્યું છે. આ ઉપરાંત એક બેઠક પર અપક્ષ ઉમેદવારે જીત મેળવીને સૌનું ધ્યાન ખેંચ્યું છે, જ્યારે આમ આદમી પાર્ટીને એક પણ સીટ ન મળતાં રાજકીય વર્તુળોમાં આશ્ચર્ય સર્જાયું છે.

ગાંધીનગર મનપાના પરિણામોમાં સૌથી મોટો ઉલટફેર વોર્ડ નંબર ૬માં જોવા મળ્યો છે. આ વોર્ડમાં ભાજપને મોટો ઝટકો લાગ્યો છે અને કોંગ્રેસે તમામ ૪ બેઠકો પર વિજય મેળવીને ભવ્ય ક્લીન સ્વીપ કર્યું છે. વોર્ડ નંબર ૬માં ભાજપના




ખાતામાં એક પણ બેઠક આવી નથી. બીજી બાજુ ભાજપે વોર્ડ નંબર ૧, ૩, ૪, ૫, ૮, ૯, ૧૦ અને ૧૧માં એકચક્રી શાસન જાળવી રાખતાં તમામ એટલે કે ૪-૪ બેઠકો પર પ્રચંડ વિજય મેળવ્યો છે. મોટાભાગના વોર્ડમાં દબદબો જાળવી રાખવા છતાં ભાજપને બે વોર્ડમાં પેનલ તૂટતાં આંશિક નુકસાન સહન કરવું પડ્યું છે. વોર્ડ નંબર ૨માં ભાજપે ૩ બેઠકો મેળવી છે, જ્યારે સીટ નંબર ૨ પર અપક્ષ ઉમેદવાર દિપિકાબેન રાજેન્દ્રસિંહ વાઘેલા વિજયી બન્યા છે. તે જ રીતે વોર્ડ નંબર ૭માં પણ મિશ્ર પરિણામ આવ્યું છે, જ્યાં ૩ બેઠકો પર ભાજપના ઉમેદવાર વિજયી બન્યા છે અને ૧ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર નગીનભાઈ જગદીશભાઈ નાડીયાએ જીત મેળવી છે. આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટી માટે પરિણામો અત્યંત નિરાશાજનક રહ્યા છે. આપ દ્વારા ૧૧ વોર્ડમાં ૩૨ ઉમેદવારો મેદાને ઉતારવામાં આવ્યા હતા, પરંતુ દુર્ભાગ્યવશ તમામ ૩૨ ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત થઈ ગઈ છે અને પક્ષના વોટશેરમાં ભારે ઘટાડો થયો છે. અગાઉ ૨૦૨૧ની ચૂંટણીમાં આપએ વોર્ડ નંબર ૬માંથી એક બેઠક જીતીને ધમાકેદાર એન્ટ્રી કરી હતી, પરંતુ આ વખતે તે સફળતા જાળવી રાખવામાં પક્ષ સાવ નિષ્ફળ રહ્યો છે અને ગાંધીનગર મનપામાંથી બહાર ફેંકાઈ ગયો છે. પરિણામો સ્પષ્ટ સંકેત આપે છે કે ગુજરાતમાં 'ત્રીજા વિકલ્પ' તરીકે ઊભરવાનો પ્રયાસ કરી રહેલી આમ આદમી પાર્ટી સામે સ્થાનિક સ્તરે સંગઠનનો અભાવ અને મતદારોના વિશ્વાસનો ક્ષય જેવા અનેક પડકારો છે. બીજી તરફ ભાજપે પોતાનો ગઢ વધુ મજબૂત કર્યો છે અને કોંગ્રેસે મહત્વપૂર્ણ બેઠકો મેળવી વિપક્ષ તરીકે પોતાની સ્થિતિ જાળવી રાખી છે.

ગુજરાત પોલીસ ભરતીમાં થર્ડ જેન્ડર માટે એક જગ્યા ખાલી રાખવા આદેશ

અમદાવાદ,તા.૧૩

ગુજરાત પોલીસની ભરતીમાં થર્ડ જેન્ડર માટે અલગ કેટેગરી અને ખાસ ધોરણો ન હોવાના મુદ્દે ગુજરાત હાઈકોર્ટે મહત્વનો વચગાળાનો આદેશ કર્યો છે. ભાવનગરના એક ટ્રાન્સજેન્ડર દ્વારા કરાયેલી અરજીની સુનાવણી દરમિયાન કોર્ટે જણાવ્યું કે, સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને થર્ડ જેન્ડર તરીકે ઓળખ આપવામાં આવી છે. સરકારી નોકરીઓ અને




શિક્ષણમાં તેમને સામાજિક તથા શૈક્ષણિક રીતે પછાત વર્ગ ગણી અનામત સહિતના હકો આપવાની જોગવાઈ છે. પોલીસની ક્લાસ-૩ ભરતીમાં ટ્રાન્સજેન્ડર માટે અલગ વ્યવસ્થા ન હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ સામે આવ્યું છે.

અમદાવાદમાં સાચી નવરાત્રીમાં ગરબા બંધ રહેતા ખેલૈયાઓનો હોબાળો, તોડફોડ

અમદાવાદ,તા.૧૩

અમદાવાદના ન્યૂ સાયન્સ સિટી રોડ પર જીગરદાન ગઢવીની સાચી નવરાત્રીમાં બીજા નોરતે ગરબા રમવા આવેલા મોટી સંખ્યામાં ખેલૈયાઓને નિરાશ થઈને ઘરે પરત ફરવું પડ્યું હતું. પોલીસની પરવાનગી ન મળતાં ગરબા શરૂ કરવામાં આવ્યા ન હતા. કલાકો સુધી એન્ટ્રી ગેટ પર




રાહ જોયા બાદ ખેલૈયાઓએ હોબાળો મચાવ્યો હતો અને પોસ્ટરો ફાડીને તોડફોડ કરી હતી. કેટલાક ખેલૈયાઓ લાઈટો પણ તોડીને લઈ ગયા હોવાની માહિતી સામે આવી છે. ગરબા નહીં યોજાતા આયોજકોએ ખેલૈયાઓની માફી માગી હતી અને સ્થળની વ્યવસ્થાઓની ચકાસણીમાં સમય લાગ્યો હોવાનું સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું. સાથે ટિકિટની રકમ પરત આપવાની જાહેરાત કરી હતી. જોકે, સ્ટ્રક્ચર સ્ટેબિલીટી રિપોર્ટ મળ્યો ન હોવાની સ્થિતિમાં ત્રીજા નોરતે એટલે કે ૧૩ ઓક્ટોબરે ગરબા યોજાશે કે નહીં તે અંગે સવાલો ઉભા થયા છે.

સુરત પોલીસે ૧૬૯૪ કિલો નકલી ઘી ઝડપી પાડ્યું

સુરત,તા.૧૩

નવરાત્રી અને દિવાળી જેવા આગામી મોટા તહેવારોમાં મીઠાઈ તેમજ પૂજામાં ઘીની માંગ વધતી હોય છે, ત્યારે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી નફો રળવાના કાળા કારોબારનો સુરત પોલીસે પર્દાફાશ કર્યો છે. ઉત્રાણ પોલીસ સ્ટેશનની ટીમે અબ્રામા રોડ પર આવેલા માધવ કેમ્પસના એક ગોડાઉનમાં બાતમીના આધારે ફૂડ સેફ્ટી વિભાગને સાથે રાખી સફળ દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી ૧૬૯૪ કિલો



શંકાસ્પદ ઘી, વનસ્પતિ ડાલડા, સોયાબીન તેલ અને પેકિંગ મશીનરી સહિત કુલ રૂ.૧૮.૨૧ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણ આરોપીઓને ઝડપી લીધા છે.

કોમનવેલ્થની તૈયારી રૂપે અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તરફના માર્ગ પર ૭૫ મકાનો તોડી પડાયા

અમદાવાદ,તા.૧૩

અમદાવાદમાં આગામી કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મોટેરા વિસ્તારના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને આસપાસના વિસ્તારમાં વિકાસની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે સાબરમતી ટોલનાકાથી સ્ટેડિયમ તરફ જતા માર્ગને ૬૧ મીટર પહોળો કરવા માટે રોડ



પર આવેલા રહેણાંક દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે. આજે સવારથી ટોલનાકાથી ડી-માર્ટ સામેના માર્ગ પર આવેલા ૭૫થી વધુ મકાનો તોડવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ કામગીરી માટે બે હિટાચી મશીન, બે જેસીબી અને મજૂરોની મદદ લેવામાં આવી રહી છે. એએમસીના પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગના જણાવ્યા મુજબ સાબરમતી વોર્ડના મોટેરા વિસ્તારમાં રોડ અને રીડીપી અંતર્ગત આ કાર્યવાહી કરવામાં આવી છે. અગાઉ અસરગ્રસ્તોને નોટિસ આપવામાં આવી હતી. અસરગ્રસ્ત પરિવારોને વૈકલ્પિક વ્યવસ્થા હેઠળ મકાનો ફાળવવામાં આવશે તેમ જણાવાયું છે.

રાજકોટમાં બીજા નોરતાએ ચાર શખ્સોએ છરીના ઘા મારી યુવકની હત્યા કરી

બાઈક અથડાવવા બાબતે થયેલી માથાકૂટના સમાધાન દરમિયાન

રાજકોટ,તા.૧૩

રાજકોટમાં ૧૨ ઓક્ટોબરે બીજા નોરતાની રાતે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આંબેડકર સર્કલ પાસે ખૂની ખેલ ખેલાયો હતો. બાઈક અથડાવવા બાબતે અગાઉ થયેલી માથાકૂટના સમાધાન




દરમિયાન ચાર શખસોએ મળીને ૨૮ વર્ષીય પરેશ ચૌહાણને છરીના ઘા મારતા તેનું મોત નિપજ્યું હતું. મૃતકનો અગાઉ રાધે રાઠોડ નામના વ્યક્તિ સાથે ઝઘડો થયો હતો. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. મૃતકના મિત્ર જયેન્દ્ર વાઘેલાએ જણાવ્યું હતું કે, આંબેડકરનગરમાં રાત્રે પરેશ ચૌહાણ એક્ટિવા પર બેઠા હતા ત્યારે બે શખસો ત્યાં આવીને ઝઘડો કરવા લાગ્યા હતા. બંને દારૂ પીને આવ્યા હતા. બાદમાં તેમણે ફોન કરીને અન્ય બે શખસોને બોલાવ્યા હતા. ચારેયએ ભેગા મળીને પરેશ પર છરી વડે હુમલો કરતા તેનું મોત થયું હતું. પોલીસે આરોપીઓ અંગે તપાસ હાથ ધરી છે.

સુરતની ક્રિષ્ના સિલ્ક મિલમાં બોઈલર ફાટતાં ચાર શ્રમિકો દાઝ્યા

સુરત,તા.૧૩

સુરત શહેરમાં ફરી એકવાર ઔદ્યોગિક દુર્ઘટના સામે આવી છે. ઉધના રોડ નંબર-૨ પર આવેલી ક્રિષ્ના સિલ્ક મિલમાં અચાનક બોઈલર ફાટતાં ભીષણ આગ ફાટી નીકળી હતી. પ્રચંડ ધડાકાને કારણે મિલમાં કામ કરતા શ્રમિકોમાં નાસભાગ મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં ચાર શ્રમિકો ગંભીર રીતે દાઝી જતા તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.



મળતી માહિતી મુજબ, મિલમાં રોજિંદી કામગીરી દરમિયાન બોઈલરમાં જોરદાર બ્લાસ્ટ થયો હતો. ધડાકાનો અવાજ સાંભળી આસપાસના એકમોના કર્મચારીઓ પણ બહાર દોડી આવ્યા હતા. આગની ઝપેટમાં આવતા વિકાસ કદમ (ઉંમર ૩૪), સૂરજ (ઉંમર ૨૧), દીપક પાટીલ (ઉંમર ૩૬) અને કરણ (ઉંમર ૩૪) દાઝી ગયા હતા.

રાજ્યમાં ૧.૦૨ કરોડ હેક્ટર જમીન બિનઉપજાઉ, દેશમાં ત્રીજું સ્થાન

અમદાવાદ,તા.૧૩

ગુજરાતમાં જમીનનું ધોવાણ, ક્ષારનું વધતું પ્રમાણ અને રણીકરણની સમસ્યા ગંભીર સપાટીએ પહોંચી છે. રાજ્યની ૧ કરોડ હેક્ટરથી વધુ જમીન બિનઉપજાઉ બનવાના આરે છે. વેરાન જમીનની રેસમાં મહારાષ્ટ્ર અને રાજસ્થાન પછી ગુજરાત દેશમાં ત્રીજા ક્રમે આવી ગયું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં જ બિનઉપજાઉ વિસ્તારમાં ૧.૮૫ લાખ હેક્ટરનો વધારો થયો છે. દરિયાઈ ખારાશ, ભૂગર્ભ જળનું વધુ પડતું ખેંચાણ, રાસાયણિક ખાતરોનો અંધાધૂંધ વપરાશ અને ઔદ્યોગિક પ્રદૂષણ જમીનની ફળદ્રુપતા છીનવી રહ્યા છે. આ ઉપરાંત, ઝડપી શહેરીકરણને કારણે છેલ્લાં પાંચ વર્ષમાં ૨.૨૮ લાખ હેક્ટર ખેતીલાયક જમીન બિન-ખેતીમાં ફેરવાઈ છે. જો ઓર્ગેનિક ખેતી અને વૃક્ષારોપણ જેવાં નક્કર પગલાં નહીં લેવાય તો રાજ્યમાં કૃષિ સંકટ સર્જાઈ શકે છે.

અમદાવાદમાં મામાએ ભાણેજને રહેંસી નાખ્યો; મોરબીમાં યુવકની નિર્મમ હત્યા

અમદાવાદ,તા.૧૩

ગુજરાતમાં હત્યાના બે અલગ બનાવ સામે આવ્યા છે. અમદાવાદના રામોલ વિસ્તારમાં મામા-ભાણેજ વચ્ચે મસ્તી બાબતે તકરાર થઈ હતી. ભાણેજે છરી વડે હુમલો કરતાં મામાએ તેની પાસે રહેલી છરી છીનવી ભાણેજ પર જ વળતો ઘા ઝીંક્યો હતો, જેમાં ભાણેજનું મોત નીપજ્યું હતું.



બીજી ઘટના મોરબીના હળવદ તાલુકાના ચંદ્રગઢ ગામે બની હતી. વાડીએ ગયેલા ૨૭ વર્ષીય યુવકની અજાણ્યા શખ્સે માથામાં બોથડ પદાર્થ મારીને નિર્મમ હત્યા કરી દીધી હતી. યુવક ઘરે ન ફરતાં પરિવારે શોધખોળ કરતાં વાડીમાંથી તેનો મૃતદેહ મળ્યો હતો. બંને બનાવો અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.





